Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in

RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૩૧ • તા. ૨૮ જુલાઈ થી ૩ ઓગસ્ટ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦ • Regn.No.MH/MR/East/53/2012-14



## ★ શ્રી ક.દ.ઓ. જી.વી.સી જૈન સંઘ ★

શ્રી ક.દ.ઓ. જી.વી.સી જૈન સંઘની જનરલ મિટીંગ શનિવાર, તા. ૧૪/૦૭/૨૦૧૨ ના સાંજના ૬.૦૦ થી ૯.૦૦ ક. સુધી શ્રી ગુરૂકુલ સ્કુલ (એસી.હોલ), તિલક રોડ, ઘાટકોપર (ઈ). મધ્યે રાખવામાં આવી હતી. મિટીંગની શરૂઆત શ્રી નવકાર મહામંત્રથી શરૂ કરવામાં આવેલ. ત્યારપછી મિટીંગનું સંચાલન શ્રી પરેશભાઈ જવેરચંદ નાગડા એ કરેલ હતું . શ્રી સંઘની સ્થાપના ૨૦૦૫ માં શ્રી અચલગચ્છાધિપતિ તપસ્વીરત્ન આચાર્ય ભગવંત શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ શ્રી સંઘ સાથે ઘાટકોપર અનંતછાયામાં પધારેલ હતા ત્યારેથી સંઘની સ્થાપના થઈ. અને શ્રી સંઘના પહેલા પ્રમુખ ધર્મપ્રેમી અને દાનવીર શેઠશ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી (સુથરી) હાલ-વરલી વાલા થયા અને એમનાં માર્ગદર્શન થી શ્રી સંઘે ખૂબજ સારા કાર્યો કર્યા, તે ગર્વ લેવા જેવું છે.



શ્રી સંઘનું સંચાલન કરતા પરેશભાઈ નાગડા



નવા પ્રમુખને શ્રી જી.વી.સી. સંઘનો કારભાર સોંપતા જુના પ્રમુખ



મિટીંગમાં પોતાનો મંતવ્ય આપતા પ્રમુખશ્રી



મંચ ઉપર બિરાજમાન પ્રમુખ-ઉપપ્રમુખો




જુના પ્રમુખનું બહુમાન કરતા સર્વે કમિટી મેમ્બર્સ.




પ્રમુખ, ઉપપ્રમુખ, સેક્રેટરી, ટ્રેઝરર તથા કમિટી મેમ્બર્સ.

શ્રીમાન રાયચંદભાઈ ના હસ્તે નવા પ્રમુખશ્રી વરણી કરવામાં આવી. નવા પ્રમુખ તરીકે શ્રીમાન શેઠશ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપશીયા (ગામ-રવા, હાલ-ચેમ્બૂર) ની વરણી કરવામાં આવી. શ્રીમાન રાયચંદભાઈના પ્રસ્તાવને માન આપીને નવી કમિટીની રચના કરવામાં આવી જે નીચે મુજબ છે.

| | | | | | |
|---|---|---|---|---|---|
| શ્રીમાન રાયચંદ ભાઈ હંસરાજ ધરમશી | માજી પ્રમુખ | સુથરી-વરલી | શ્રીમાન શૈલેશ રતનશી મૈશેરી | સેક્રેટરી | નલીયા-ઘાટકોપર (ઈ.) |
| શ્રીમાન કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપશીયા | પ્રમુખ | રવા-ચેમ્બૂર | શ્રીમાન જવેરીલાલ ઉમરશી ભેદા | સેક્રેટરી | વારાપધ્ધર-ઘાટકોપર (ઈ.) |
| ડૉ. કાન્તીલાલભાઈ નરશી દંડ | ઉપ-પ્રમુખ | વરાડીયા-ઘાટકોપર (વે.) | શ્રીમાન જયકાન્તભાઈ રાયચંદ મોતા | સેક્રેટરી | તેરા-ઘાટકોપર (ઈ.) |
| શ્રીમાન હિતેશભાઈ ભવાનજી લોડાયા | ઉપ-પ્રમુખ | કોઠારા-ઘાટકોપર (વે.) | શ્રીમાન કિરીટભાઈ કુંવરજી કુરૂવા | ખજાનચી | ગોધરા-ઘાટકોપર (ઈ.) |
| શ્રીમાન સમીરભાઈ લક્ષ્મીચંદ નાગડા | ઉપ-પ્રમુખ | નલીયા-ઘાટકોપર (ઈ.) | શ્રીમાન કલ્યાણજીભાઈ ચાંપશી છેડા | ખજાનચી | નલીયા-ઘાટકોપર (ઈ.) |
| શ્રીમતી દમયંતીબેન ચાંપશી લોડાયા | ઉપ-પ્રમુખ | સાંધવ-ઘાટકોપર (ઈ.) | | | |

### કારોબારી સભ્યો

| | | | |
|---|---|---|---|
| શ્રીમાન અમીત અનીલ શીયાલ | શ્રીમાન રાયચંદ શીવજી લોડાયા | શ્રીમાન જવેરચંદ કાન્તીલાલ નાગડા | શ્રીમાન ચંદ્રકાંત કુંવરજી લોડાયા |
| શ્રીમાન કૌશીક હિરાચંદ દંડ | શ્રીમાન પરેશભાઈ જવેરચંદ નાગડા | શ્રીમાન હિતેન રાયચંદ લોડાયા | શ્રીમાન રાજેશ માણેકજી મૈશેરી |
| શ્રીમાન મનીષ ચીમનલાલ નાગડા | શ્રીમાન મયુર મોતીચંદ લોડાયા | શ્રીમાન જવેરચંદ ટોકરશી લાલકા | શ્રીમાન રાજેન લહેરચંદ લોડાયા |
| શ્રીમાન અનીલ શામજી ખોના | શ્રીમાન પરેશ ધનજી દંડ | શ્રીમાન ટોમેશ કાન્તીલાલ નાગડા | શ્રીમાન સતીષ કાનજી વિક્મશી |
| શ્રીમાન હરીશભાઈ રામજી ખોના | શ્રીમાન લીતેશ નવીનચંદ્ર ખોના | શ્રીમાન જીતેન્દ્ર ઉમરશી લોડાયા | શ્રીમાન ધર્મેશ શાંતીલાલ લાપસીયા |
| શ્રીમાન સંજય રતીલાલ અજાણી | શ્રીમાન કિશોર શામજી છેડા | શ્રીમાન અભય ફતેચંદ નાગડા | |

નવી કમિટીની રચના થઈગયા બાદ છેલ્લે શ્રી પર્યુષણ મહાપર્વ તા. ૧૪/૦૮/૨૦૧૨ થી ૨૨/૦૮/૨૦૧૨ સુધી શ્રી અનંતછાયાના ગૃહજિનાલયમાં ખૂબજ ધુમધામથી ઉજવવાના છીએ એમની પણ જાહેરાત કરવામાં આવી અને દર મહિનાના છેલ્લા શનિવારના શ્રી સંઘે નક્કી કર્યું છે કે શ્રી મહાકાલી માતાજીની ભાવના ભાણવવી એવું નક્કી કરવામાં આવ્યું છે. અને શ્રી સંઘની ચૈત્યપરિપાટી રવિવાર, તા. ૦૯/૦૯/૨૦૧૨ ના જવાની છે.

વધુ વિગત પર્યુષણપર્વ દરમિયાન કરવામાં આવશે. આ રીતે ખૂબજ સુંદર રીતે મિટીંગ સંપૂર્ણ એજન્ડા ઉપર ચર્ચા વિચારણા કરીને પૂર્ણ કરવામાં આવી.

"જય જિનેન્દ્ર"




# શ્રી ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન-સાંગલીના આંગણે યોજાઈ શ્રી ક.દ.ઓ. મહારાષ્ટ્ર એકમની કારોબારી તથા મહારાષ્ટ્ર એકમ મહિલામંચની બેઠક








## આણંદ પરિવારનું ગૌરવ
## (પરિવારનો પ્રથમ C.A.)

પ.પૂ. ગુરૂદેવ સા.શ્રી હંસાવલીશ્રીજી મ.સા., પ.પૂ.સા.શ્રી મૌનગુણાશ્રીજી મ.સા. તથા પ.પૂ.યતિશ્રી મોતીસાગરજી મ.સા. અને વડિલોના અમી-આશીર્વાદ અને જ્ઞાનની ઉપાસના તથા પોતાની મહેનત-લગનથી અમારો સુપુત્ર ચિ. દેવાંગ તોરલ-કુમાર દંડ Chartered Accountant (C.A.) થયો છે. આ શૈક્ષણિક સિધ્ધિ બદલ હાર્દિક અભિનંદન અને હજુ વધુ યશસ્વી ભાવિની શુભેચ્છાઓ...



**C.A. ચિ. દેવાંગ કુમાર દંડ**

**✻ શુભાશિષ ✻**

દાદાણાં : માતુશ્રી નવલબેન બાબુભાઈ દંડ પરિવાર (તેરા)

નાનાણાં : ડો. વિરેન દેવશી ડાઘા પરિવાર (વરાડીયા)

~ શુભેચ્છાની ગુલછડી ~

ચિ. ચિંતન તોરલ/કુમાર દંડ • અ.સૌ. રશ્મી બુધ્ધિધન મોમાયા (વરાડીયા)

અ.સૌ. સંગીતા વસંત પોલડીયા (બાયઠ) • અ.સૌ. સંધ્યા વિરેન વ્યાસ (મોડાસા)

સૌજન્ય : Kumar & Co. (Tax Consultant) • Computer Consultancy • Anant Investments

**આદ્યતંત્રીઓ**
**"પ્રકાશ"**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**"સમીક્ષા"**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**"પ્રકાશ સમીક્ષા"**
સનત્ શાહ

**: તંત્રી :**
રાયચંદ આર. નાગડા
**: સહતંત્રી :**
ચંપક જીવાણી

**: કાર્યાલય :**
**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,
29/41, Tamarind Lane,
Behind Poornima Restaurant,
Rajabahadur Comp,
Nr.Stock Exchange Bldg,
Fort, Mumbai - 400 001.**
**સમય :** બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**

**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
**www.prakashsamiksha.com**
**E-mail:kdo_prakash@yahoo.co.in**

**નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.**

## મિચ્છામિ દુક્કડમ્

*- પ્રવીણ દામજી ડાઘા (ચેન્નાઈ)*

ચોમાસું બેસી ગયું અને ધાર્મિક ગતિવિધિઓએ ગતિ પકડી, પ્રવચનો, અનશન અને એવી અનેકવિધ કર્મકાંડોથી સમાજ ઉત્સાહભેર ભાગ લઈ રહ્યો. અત્રે શબ્દ "અનશન" વાપરેલ છે. જેને અધિકૃતપણે પોતાને મહાવીરના અનુયાયી કહેવાતા જૈનોએ અનશન અને ઉપવાસ આ બે શબ્દો વચ્ચેનો ભેદ સમજવામાં બહુ રસ લીધો નથી અને અનશનને જ ઉપવાસ સમજી બેઠા (બન્ને ક્રિયાઓમાં એકજ શારિરીક ક્રીયા દેખાય છે.) પણ અંતર દક્ષિણ-ઉત્તર જેટલો છે. અનશન અને ઉપવાસમાં બન્નેમાં શરીરને ભોજન બંધ એમ દેખાય છે. જેથી ભૂખ, તરસ અને ઉંઘ યા તો આપમેળે ઘટી જાય છે. જે સહજ આત્મા સાથેના સહવાસનો પરિણામ સ્વરૂપ ઘટના ઘડે છે એમાં કોઈ બાધા કે બળજબરી હોતી નથી. અને ખોરાક કે ભોજનની જરૂરત ન હોવાના કારણે ન લેવા છતાં શરિરની સ્ફુર્તિ તાજગી, ઉર્જા એવીને એવી જ રહે છે.

પર્યુષણના આ "અનશન"ની શારીરીક ક્રિયા પૂરી થતાં જ પછી પારણાનો દિવસ આવે છે જ્યોર અનશન વેળા ભોજનને મહત્વ આપી એનાથી દૂર રહેવાનું જે બળજબરીપૂર્વકનું કાર્ય કર્યું જેથી ભોજન પ્રત્યને આકર્ષણ પણ વધ્યું. પરિણામ સ્વરૂપ પારણામાં વધુમાં વધુ સ્વાદીષ્ટ વ્યંજનોનો આગ્રહ. ઉપવાસમાં ભોજનને મહત્વજ અપાતું નથી. ન તો એનાથી દૂર ન એની પાછળ પડવાનું કારણ એ સહજ ઘડેલી ઘટના થઈ ગઈ.

પારણા બાદ આવે મિચ્છામિદુક્કમનો વારો અને જે વ્યક્તિઓ સાથે વર્ષો સુધી કોઈ પનારો પડયો નથી એમને પણ મિચ્છામિદુક્કડમ્ ! મિચ્છામિદુક્કડમ્નો "રાફડો ફાટે છે. આમાં પણ કહેવાતા જૈનોએ ગહનમાં ઉંડે જઈ સમજવાની તસ્દી લીધી નથી. કોઈ વાત સમજમાં ન આવે એમાં કંઈ વાંક નથી પણ સમજવાની કોષીશ જ ન કરવી એ પ્રમાદ. અધિકતમ લોકો પ્રમાદમાં આખું જીવન વિતાવી નાખે છે.

મિચ્છામિદુક્કડમ્ બાબત મહાવીરસ્વામીનો અનુભવ શું કહે છે તે જોઈએ. મહાવીરસ્વામી કહે છે (૧) તમે કોઈને દુઃખી કરી શકતા નથી. (૨) તમને બીજો કોઈ દુઃખી કરી શકતો નથી (૩ તમે કોઈને સુખી કરી શકતા નથી (૪) તમને કોઈ સુખી કરી શકતો નથી. આ તો સ્વાનુભવથી કહેલું સત્ય છે. જરા ઉડાણમાં જઈએ. દા.ત. તમને કોઈએ અપશબ્દ કહ્યા અને એ અપશબ્દ કે ગાળ સાંભળી તમે દુખી થયા. એનો સીધો અર્થ લીધેલો કે સામેવાળી વ્યક્તિએ મને ગાળ આપી એટલે હું દુઃખી થયો જેથી મને દુઃખી કરવાની જવાબદારી સામેવાળાની જેથી સામેવાળો મારી માફી માંગે તો હું દુઃખ માંથી મુક્ત થાવું. મને દુઃખી કરવાની જવાબદારી સામેવાળાની આ વિચારસરણીમાંથી મિચ્છામિદુક્કડમ્નો જન્મ થયો.

હવે આજ ઘટના આપને સામેવાળી વ્યક્તિએ અપશબ્દ કહ્યાની ઘટના ઘડી ત્યારે સામેવાળી વ્યક્તિ યા તો પાગલખાનાથી આવેલ કોઈ પાગલ વ્યક્તિ હોય અથવા નશામાં ધૂત કોઈ વ્યક્તિ તમને એવીજ ગાળ આપે, તો તમે દુઃખી થતા નથી. ઉલટાનું હસો છો કે ભાઈ મુરખ માણસ છે. પાગલ છે, નશામાં છે શું બોલી રહ્યો છે તેને તેને ધ્યાન નથી.

ઘટના તો એકજ ઘડે છે એકમાં આપ દુઃખી થાઓ છો બીજામાં હસો છો, બીજી ઘટનામાં દુઃખી થયા નહીં. શું થયું? કારણ બીજી ઘટનામાં આપે ગાળનો સ્વિકારજ કર્યો નથી. તો પછી તમે ગાળનો સ્વિકાર કર્યો એટલે દુઃખી અને અસ્વિકાર કર્યો તો દુઃખી નહીં થયા. તો જવાબદારી કોની? ગાળનો કે અપશબ્દનો સ્વિકાર કરવો કે અસ્વિકાર એ તમારા હાથની વાત છે જેથી દુઃખી થવું કે સુખી એ પણ તમારા જ હાથો. હજી આવી જ ઘટનાઓ સમાજના રોજબરોજના જીવનમાં ઘટતી હોય છે કોઈ વ્યક્તિ પ્રવચન આપતો

હોય, કોઈ કંઈક લખાણ લખતું હોય અને પ્રવચન બાદ કે લખાણ બાદ અંતમાં લગભગ એક ઔપચારિકતા થઈ ગઈ છે. કે પ્રવચક કે લેખક કહે કે લખે કે મારાથી કંઈ કહેવાઈ કે લખાઈ ગયું હોય અને એના કારણે કોઈનું મનદુઃખ થયું હોય તો મિચ્છામિદુક્કડમ્ તો ભાઈ બીજાને ખરાબ લાગે એવું બોલ્યાજ શું કામ અને લખ્યુંજ કેમ. હકીકત તો એ છે પ્રવચક કે લેખકને એ આત્મવિશ્વાસ જ નથી હોતો કે તે જે બોલ્યો કે લખ્યું કે "સત્ય" છે. અને સાંભળનાર કે વાચનારને એ ભાષામાં કે લખાણમાં સત્ય જોવાની ક્ષમતા જ નથી. એમાં ફક્ત ટીકાજ જોવાની મિથ્યા દ્દષ્ટિજ છે અને એમાં કારણે એ દુઃખી થયો જેમાં પ્રવચક કે લેખકનો ક્યાં વાંક? એનું કારણ કદાચ એ હોઈ શકે કે પ્રવચક કે લેખક પણ એજ શ્રેણીમાંનો હોય? જ્યારે સમ્યક દ્દષ્ટિ કેળવી હોય તો આસપાસની જે પણ ઘટનાઓ ઘટતી હોય. એમાં ટીકા કે પ્રસંશા જોવાને બદલે સત્ય શું છે તે જ જાણવાની ક્ષમતા અને વૃત્તિ તો ટીકાને કારણે દુઃખી અને પ્રશંસાને કારણે સુખી થવાની સંભાવનાજ રહે નહીં.

હજી એકાદ દાખલો લઈને વાતને વધુ સ્પષ્ટ સમજીએ. આપને કોઈ બીમારી સમજો કે પેટની બીમારી છે અને એનાથી પીડાઈ રહ્યા છો આપનો કોઈ મિત્ર કે સગો આપને સલાહ આપે કે આ આપની બીમારીમાં તુરત ઈલાજ કરાવી લઈએ નહીંતર એ વધું વિફરી જશે વધુ ઉગ્ર રૂપ ધારણ કરી લેશે. મારો એક નિષ્ણાંત તબીબ મિત્ર છે એની સારવાર લઈશું તો આપ આ બિમારીથી મુક્ત થશો અને સંપૂર્ણ સ્વાસ્થ્ય પ્રાપ્ત કરશો. અને આપને કોઈ પણ ભોગે બીમારીથી મુક્ત થવું છે અને આપે પેલા મિત્રની સલાહ માની લીધી અને સારવાર લીધી અને બીમારીથી મુક્તિ મેળવી તો આપ આપના મિત્રનો આભાર માનશો એને આપ કહેશો કે ધન્યવાદ જે આપે મને બીમારીથી મુક્ત થવાનો માર્ગ બતાવ્યો અને હું હવે સંપૂર્ણ સ્વસ્થ છું જેનો આનંદ માણી રહ્યો છું. પણ અગર આપનો મિત્ર સલાહ આપે કે ભાઈ આપને લોભની, ક્રોધની ("કષાય") ની બીમારી છે. અને બીમારી ઘણી ખતરનાક છે. એ ક્યારે ઉગ્ર રૂપ ધારણ કરે. કહેવાય નહીં. તો આપ નારાજ થશો હું અને "કષાય"ની બીમારી? કદાચ આપ પ્રતિક્રિયા પણ કરશો કે (કષાય આ શબ્દ મહાવીરસ્વામીએ નવો ઉમેર્યો એનો અર્થ (લોભ+મોહ+માયા+ક્રોધ) તું લોભી, તું ક્રોધી, ઉપરના કિસ્સાઓમાં પહેલામાં આપ મિત્રને ધન્યવાદ આપો છો, બીજામાં નારાજ થઈ સામે એને જ આ બીમારી છે એમ વાદમાં ઉતરો છો.

આ બાબતમાં સુખી કે દુઃખી થવાની જવાબદારી તમારી જ થઈ ગઈ કારણ બીજી સલાહ તમે અવગણી એમાંનું સત્ય સ્વિકાર્યું નહી પણ ટીકા સ્વિકારી.

જેથી મહાવીર સ્વામી નીચેના સૂત્રમાં કહે છે

***અણ થોણં, વણ થોણં, અગ્ગી થોવં કસાય થોવં ય***
***ન હુ જો વીસસિયવ્વં થોવં પિહુ તં બહુ હોઈ***

**અર્થ :** વ્રણને થોડો, ઘાવ (જખમ-બીમારી)ને નાની, અગ્નિને જરાક, અને કષાયને અલ્પ (મામુલી) સમજતા નહીં. કારણ કે એ ક્યારે ઉગ્ર રૂપ ધારણ કરશે એ કહેવાય નહીં. આવી રીતે પર્યુષણ બાદ મિચ્છામિદુઃક્કડમ્ એક ઔપચારિકતા માત્ર બની રહી, કારણ "સમ્યક દર્શન"નો અર્થ વિપરિત અર્થમાં સમજાવવામાં આવે છે. "સમ્યક દર્શન"માંથી આસ્તે આસ્તે સમ્યક શબ્દનો વપરાશ ઓછો લગભગ ન જેવો થઈ ગયો. બાકી બચ્યો શબ્દ દર્શન એનો અર્થ ફક્ત મંદિરમાં જઈ પ્રતિમાના દર્શન કરવા જેવો થઈ ગયો. "સમ્યક દર્શન" જીવનભર સવાર સાંજ જે ઘટનાઓ ઘટે છે તેમાં ટીકા કે પ્રશંસા, સારૂં કે ખરાબ ગોતવાને બદલે ફક્ત "સત્ય" શું છે એ અનુભવવાની ક્ષમતા કેળવવી. પણ એટલા ઉંડાણમાં ઉતરવાની તરસ કોને છે?

કારણ પ્રમાણમાં ધન, સત્તા, બળ જે આપણી પાસે છે એનાંથી આપ સંતુષ્ટ નથી એ વધારવામાં જ પડયા છો.


## REQUIRED
## PERSONAL ASSISTANT TO M.D.

- Fluent in written & spoken English, Gujarati & Marathi
- Computer Literate & Proficient in Stock Trading / Dealing on Bolt
- Young, Commerce Graduate & Interested in Financial Markets
- Ready to Travel Locally between Mulund, Dombivli, Prabhadevi & Dadar
- Expect Long working hours & minimum 6 day working week

Hardworking candidates with long perspective towards employment may only apply.

Contact : Cell 088796 00365 or anantnathdevelopers@yahoo.co.in,
**Interview on 12.08.2012**

Salary shall not be a constraint for the right candidate, Freshers need not apply.

॥ નમામિ જ્ઞાતિ મૈયે ॥

# શ્રી સમસ્ત ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન

કાર્યાલય : C/o. સેક્રેટરી જનરલ, 19-20 મોનાણી સદન, નહેરૂ રોડ, મુલુન્ડ (વે.), મુંબઈ-80.
સંપર્ક ફોન : C/o. (022) 25903514-5-6 ● Email : samastmahajan@gmail.com

## જ્ઞાતિ જનજાગરણ અભિયાન
## સંપર્ક સભાઓ/મેળાવડાઓ – મહારાષ્ટ્ર એકમ વિસ્તાર

સર્વે જ્ઞાતિબંધુઓ,

જય જિનેન્દ્ર,

સહર્ષ જણાવવાનું કે, કચ્છ, હાલાર, ગુજરાત, મહારાષ્ટ્ર (આંશિક), ઉત્તર ભારત, કર્ણાટક, કેરલા, તામીલનાડુ, આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, પૂર્વ ભારત આદિ રાજ્યોમાં, જ્ઞાતિ વસતીના મુખ્ય મથકોએ સંપર્ક સભાઓ દ્વારા જ્ઞાતિજનોનો ઉત્સ્ફુર્ત પ્રતિસાદ મેળવી, જ્ઞાતિજનોનો સંપર્ક કરી, જ્ઞાતિમાં મહાજન પરંપરાનું મહિમા વધુ ઉજાગર કરી સમસ્ત મહાજનના ઉદ્દેશ્ય-હેતુઓ, યંત્રણાની જાણ સમસ્ત જ્ઞાતિને સ્પર્શતા પ્રશ્નો-સમસ્યાઓની ચર્ચા દ્વારા જરૂરી કાર્યોનું આકલન કરવાના પ્રારંભિક પ્રયાસરૂપે જનસંપર્ક અભિયાનને આગળ વધારતાં, સમસ્ત મહાજનનું ટ્રસ્ટી મંડળ તા.૮ થી ૧૧ ઓગસ્ટ ૨૦૧૨ દરમ્યાન મહારાષ્ટ્રના બાકીના સ્થળે તે તે સ્થાનિક મહાજનોના સંપૂર્ણ સહયોગે યોજાયેલ બેઠકોમાં જ્ઞાતિજનોને મળી, પ્રશ્નો સમજશે અને સુચનોને આવકારશે.

આ સભાઓમાં સમસ્ત મહાજનના પ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ, સ્થાનિક મહાજનના પદાધિકારીઓ/ સભ્યો જ્ઞાતિની વિવિધ સંસ્થાઓના પ્રતિનિધિઓ, તથા તે તે વિસ્તારનાં સર્વે જ્ઞાતિજનો ને સહભાગી થવા હાર્દિક આમંત્રણ છે. વધુમાં વધુ જ્ઞાતિ ભાઈઓ, બહેનો અને યુવાઓ જરૂરથી આ બેઠકમાં સમ્મિલિત થઈ જ્ઞાતિને સ્પર્શતા સામુહિક પ્રશ્નોપર ખુલ્લા મને ચર્ચા કરે એવો અનુરોધ છે.

### સભા/મેળાવડાઓનું સમયપત્રક

| તારીખ | સમય | શહેર અને આસપાસના ગામો |
|---|---|---|
| ૦૮-૦૮-૧૨ | સવારે | નાંદેડ : હિંગોલી, પુર્ણા, પરભણી |
| | સાંજે | અમરાવતી : કારંજા, ઘાટનજી, પુસદ, યવતમાલ, ડીગ્રસ |
| ૦૯-૦૮-૧૨ | સવારે | ખામગામ : આકોટ, શેગાંવ, અકોલા, મલકાપુર |
| | સાંજે | જલગામ : ભુસાવલ, પાંચોરા, ચોપડા, રાવેર, યાવલ |
| ૧૦-૦૮-૧૨ | સવારે | ધુલીયા : શીરપુર, ડોંડાયચા, પલાસનેર, અમલનેર, માલેગામ, પારોલા, ચાલીસગામ |
| | સાંજે | ઔરંગાબાદ : જાલના |
| ૧૧-૦૮-૧૨ | સવારે | અહમદનગર : કનડ, શેવગાંવ, કોપરગાંવ, શ્રીરામપુર, બારામતી |
| | સાંજે | પુના |

**નમ્ર નિવેદન :** ૧) જ્યાં ઓછામાં ઓછા ૩૦ જેટલા જ્ઞાતિજનની વસતી હોય ત્યાં મહાજનની રચના થઈ શકે છે. જો આપને ત્યાં મહાજન સ્થાપાયું ન હોય તો ત્વરીત સ્થાપી લેવા નમ્ર અનુરોધ છે. (૨) જે મહાજનોના પ્રતિનિધિની નિમણુંક કરી મોકલાયા ન હોય તો તે તુરંત કાર્યવાહી કરી મહાસમિતિ માટે પ્રતિનિધી નીમી મોકલવા વિનંતી છે. ૩) જે મહાજનોનાં સંપર્કના નામ, સરનામા, ફોન, ઈમેઇલ નથી નોંધાયા અથવા તેમાં ફેરફાર થયા હોય તો મોકલવા જેથી સંપર્ક માટે સરળતા રહેશે. આપ સૌના સાથ સહકાર સહ, જ્ઞાતિની સર્વાંગીણ પ્રગતિ માટે આપના સુચન આવકાર્ય છે.

**સમસ્ત જ્ઞાતિ મહાજન વતી ચીમન મોતા (સેક્રેટરી જનરલ)**

**"જ્ઞાતિ મારા માટે શું કરે છે તે નહીં પણ હું જ્ઞાતિ માટે શું કરી શકું એ અમલમાં લાવીએ.**

।। શ્રી ગોડિયા પાર્શ્વનાથાય નમઃ ।।

# રાપરગઢ-નાનીસિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ

## હાર્દિક આમંત્રણ

માદરે વતન કચ્છ રાપરગઢ નગરે પર્યુષણ પર્વની આરાધનાની ઉજવણી કરવા સર્વે ગામવાસીઓ તથા નીયાણી બહેનોને સહપરિવાર પધારવાનું હાર્દિક આમંત્રણ પાઠવીએ છીએ

**પર્યુષણ પર્વ પ્રારંભ તા. ૧૪/૮/૨૦૧૨ (મંગળવાર)**

દરેક ગામવાસીઓ તથા નીયાણી બહેનોને સહપરિવાર પોતાની રીતે ગામમાં પધારવાનું રહેશે, સ્થાનિકે ઉતારાની અને ભોજનની વ્યવસ્થા સામુહિક રીતે કરવામાં આવેલ છે



**નિમંત્રક :**

**રાપરગઢ-નાનીસિંધોડી ક.દ.ઓ. જૈન સંઘ**



।। શ્રી શાંતીનાથાય નમઃ ।।

## મુંબઇ અને પરાંનાં શ્રી ક.દ.ઓ. જૈન વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓ જોગ

મુંબઇમાં વસતાં જ્ઞાતિનાં સમસ્ત વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ જેઓ ભણતર માટે રેલ્વે દ્વારા અવરજવર કરતા હોય છે. તેમનાં રેલ્વે પાસનાં ખર્ચ ઉપર ૫૦% રાહત નીચેના સ્થળ ઉપરથી મળી શકશે.

**સંપર્ક :-**

**માણેકજી મોતા ચેરીટેબલ ટ્રસ્ટ**

૨૦, કપાડિયા ચેમ્બર્સ, ૫૧, દેવજી રતનશી માર્ગ,
મસ્જીદબંદર, (પૂર્વ) મુંબઇ ૪૦૦ ૦૦૯.

ખાસ નોંધ : વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ રેલ્વે પાસ તથા રેલ્વે આય.ડી. તથા સ્કુલ/કોલેજના આય.ડી. કાર્ડની (૨૦૧૨/૧૩) ઝેરૉક્સ કૉપી સાથે લાવવી જરૂરી છે.

સોમવાર થી શુક્રવાર સવારે ૧૧.૦૦ થી ૫.૦૦ કલાકે

## Emotional Exploitation *લાગણી*શીલતાનું શોષણ

- પ્રવીણ દામજી *ડાઘા (ચેન્નઈ)*

***અન્ય***ની લાગણીઓનો ગેરલાભ લઈને એને જાણ પણ ન થાય અને એનું શોષણ થાય અને અંગ્રેજીમાં "ઈમોશનલ એક્ષપ્લોઈટેશન" કહે છે. શું છે આ શોષણ જરા વિગતવાર જોઈએ. રોજબરોજના જીવનમાં રસ્તા પર, ખાસ કરીને ધાર્મિક સ્થળો નજીક ભીખ માંગતા (ખરૂં પુછો તો ભીખ મંગાવતા) નાના માસુમ સ્વસ્થ, ચોરીને લાવેલા બાળકોને લુલા, લંગડા કે અંધ બનાવી એમના મારફત ભીખ મંગાવવાનો ધંધો ભારતમાં ચાલે કારણ અત્રે સોઈનું દાન આપી પુણ્ય કમાવવાનું સમજાવતાં ધર્મગુરૂઓ અને એમના શિષ્યોની કોઈ કમી નથી. કારણ નકલી શિષ્યોની સંખ્યા બહુ વિશાળ છે. અને નકલી ગુરૂ એમની પેદાઈશ છે. આવા નકલી ગુરૂઓ સીધા પ્રગટ થઈ ન શકે. એમના નકલી શિષ્યો એમને પેદા કરે છે.

આવી રીતેજ આપની લાગણીનો ગેરલાભ લઈ આપણી જાણ વગર આમનું શોષણ કરવાનું બીજું ક્ષેત્ર હવે પુરઝડપે પ્રગતિ કરી રહ્યું છે. વિકસી રહ્યું છે. છાપાઓમાં "સામાજીક સંસ્થાઓ દ્વારા એક કરાર છાપવામાં આવે છે. જેમાં "દાન માટે અપીલ"ના શીર્ષક હેઠળ અમુક દરદીને, સારવાર લેવા, રકમની જરૂરત છે દાતાઓને આ રકમ અમુક હોસ્પીટલમાં જમાં કરાવવા વિનંતી. સામાજીક સંસ્થાઓ દ્વારા આવી જાહેરાત છપાવવા પાછળ એમનો હેતુ પ્રામાણિક અને ભાવના સારી. એ વાતમાં કોઈ શંકા નથી. પણ સામાજીક સંસ્થાઓએ આવી જાહેરાત આપતાં પહેલાં જરા ઉંડાણમાં અભ્યાસ કરવાની આવશ્યકતા ખરી.

અતિ વૃધ્ધાવસ્થા, અસાધ્ય બીમારી અને અંતિમ બિમારીથી પીડાતા અધિકતમ દરદીઓ બાબત તબીબો અને હોસ્પીટલવાળાઓને એ બાબતની પુરેપુરી જાણકારી હોય છે કે આવા અધિકતમ દરદીઓને ગમે તેટલા પ્રયાસ કરો, ગમે તે ઈલાજ કરો તો પણ એમને બચાવી શકાય તેમ નથી. "હા થોડો વધુ સમય જીવાડી શકાશે" આ ટૂંકા સમયમાં દરદીને ભોગવવી પડતી અસહાય શારીરીક, માનસિક યાતનોઓની પણ તબીબોને પુરેપુરી જાણકારી હોય છે. તે ઉપરાંત દરદીના પરિવારજનોને પણ માનસિક અને આર્થીક તાણ ભોગવવી પડે છે. પણ એમાં નફો રળી લેવાનું લક્ષ હોસ્પીટલના સતાવાળાઓનો હોય છે. હાલત એવી થાય છે કે અંતે દરદીને જીવન લંબાવવા એટલી બધી નળીઓ લગાડેલ હોય છે. પરિવારજનો દરદીને પાછો લઈ જવા ચાહે ચાહે તો પણ લઈ જઈ શકતા નથી. કારણ તબીબો કહે છે કે જો આ નલીઓ કાઢશું કે દરદી તુરંત અવસાન પામશે. એટલે ન છૂટકે આ શોષણ કરાવી લેવું પડે છે. અંતમાં મોટું મસ બીલ અને દરીદીની લાશ હાથમાં પધરાવી દેવાય છે.

આવી રીતે વેડફાઈ જતી રકમ જે દરદીનો બીમારીથી મુક્ત થઈ પાછું પોતાનું સ્વાસ્થ્ય પ્રાપ્ત કરી નવું જીવન જીવી શકે એવાઓના પુનરૂત્થાન માટે વપરાય તો તે વધુ ડહાપણભર્યું બને શોષણમુક્ત થઈ શકે. થોડી સજાગતાની જરૂરત છે. શોષણ કરવો ગુન્હો છે. શોષણ કરાવી લેવું એ પણ ગુન્હો છે.

આપણી જ્ઞાતિમાં ઘણા સારા તબીબો છે, આ વિષય પર વધુ પ્રકાશ પાડે તેવી વિનંતી.

શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

### કાવ્ય પ્રકાશ : રાખડી દોરેજો તહેવાર

સોતરજે (સુતરના) દોરેમેં કેતરો ભર્યો અય પ્યાર,
ભા પેંઢજી ભેંણલા પ્રાણ દેનેલા તૈયાર.
લમે વેઠેલો ભા કદાચ મેલી ન શકે,
સંજોગેથી થ્યો લાચાર, છતાં ભેણ લમે વેઠી
માયતર ને ભાજા કરે વિચાર
મેઠડા મુંજા ભા અચીંધા
પ્રેમથી હથતેં રાખડી બંધાઈધા,
પુરણપોળી પ્રેમથી જેમધો મુંજો વીરો,
પુરણપોળી ભેરો ખારાઈધીયાં મુંગેજો શીરો,
ભા હી **રક્ષા** તોજી રક્ષા કરે
તું ખૂબ સુખી થઈ એગીયા વધે
તોજી મેઠડી ભંણજી આંધ્રી ઠરે (આંતરડી)
આંકે ને ભાભીકે મુંજા પ્રેમભર્યા પ્યાર
મા-પે કે મ ભોલજા રખજા પુરી સંભાર (સંભાળ)
વરી પાછો અચીજ મેઠડા
તોજે અચેથી બોલધા મંજે મનજા મોરલા
(હૈયું હરખાશે)
પવિત્ર પ્રેમબંધન ભા ભેણજો
જેડો સબંધ અખ (આંખ)ને આંજણ જો!

– ***અનિલ હીરાચંદ ધુમ*** (કોઈમ્બતુર)

Reg. No. E-641-(DWR) dt. 24-3-90 ☎ : (08372) 236308

# શ્રીમતી મણીબાઈ કાંતીલાલ શાહ ચેરીટેબલ ટ્રસ્ટ, ગદગ

9448138780 - Sha Lalji Manekji
9341319295 - Sha Harish Munvar

## સંચાલિત - ''જીવન-સંધ્યા''

9448186222 - Sha Dineshchand Kuverji
9448165256 - Sha Veerendra Padamshi

## તા. ૧-૪-૨૦૧૨ થી ૩૦-૬-૨૦૧૨ સુધી આવેલ ફાળાઓ

અનુમોદના

### નિભાવ ફંડ

₹ ૧૦૦૦૦૦/- શ્રીમતિ રીટા મણીકાન્ત લોડાયા, જખૌ (મુલુન્ડ)
હ. મણીકાન્ત ઠાકરશી લોડાયા

₹ ૧૧૦૦૦/- માતુશ્રી રાજબાઈ રતનશી મેશેરી, નલીયા (મુંબઈ)
હ. લક્ષ્મીચંદ રતનશી મેશેરી

₹ ૧૦૦૦૦/- તનમન ટૂર એન્ડ ટ્રાવેલ, વારાપધર (મુલુન્ડ)
હ. ચીમનભાઈ મેઘજી મોતા

₹ ૭૨૦૦/- મયંક ગોવિંદજી મોમાયા, નલીયા (મુંબઈ)

₹ ૨૫૦૦/- શ્રી સોનમલજી સાગરમલજી મુથા (ગદગ)

### વૈદકીય સારવાર ફંડ

₹ ૫૦૦૦/- ગીરીશ મહેન્દ્ર છેડા, સ્વ. વેલબાઈ દામજી નરસી છેડા ના સ્મરણાર્થે, સુથરી (અમદાવાદ)

₹ ૫૦૦૦/- શા રાયચંદ હંસરાજ ધરમશી, સુથરી (મુંબઈ)

### કાયમી સવારનો ચા-નાસ્તો, બપોરનું મિષ્ટાન્ન ભોજન, બપોરની ચા, સાંજનું ભોજન - ₹ ૧૬,૫૦૧/-

- શ્રી વેરશી માયાંભાઈ મોતા હ.જનકભાઈ મોતા, સુથરી (મુંબઈ)
- શ્રીમતિ વિજયાબાઈ વેરશી મોતા હ.જનકભાઈ મોતા, સુથરી (મુંબઈ)
- કુમાર રોનક જનક મોતા, હ.જનકભાઈ મોતા, સુથરી (મુંબઈ)

### કાયમી મિષ્ટાન્ન ભોજન - ₹ ૧૦,૦૦૧/-

- સ્વ.અ.સૌ.મધુરીબેન દિનેશચંદ્ર લોડાયા,
  હ. શ્રી દિનેશચંદ લક્ષ્મીચંદ લોડાયા, નલીયા (ખંડવા)
- સ્વ. શ્રી કુમાર નવિનચંદ્ર લોડાયા,
  હ. માતુશ્રી વનિતાબેન નવિનચંદ્ર લોડાયા, વાંકુ (ચાલીસગાંવ)
- દેકાંભાઈ હંસરાજ મોતા, રાયર ગઢવારી-બ્યાના (રાજસ્થાન)
  હ. મેહુલ લાલજી મોતા
- માતુશ્રી રતનબાઈ નેણસી ધરમશી, સુથરી-બેલગામ
  હ. કુસુમબેન દિનેશચંદ્ર ધરમશી

### કાયમી સાંજનું સાદું ભોજન - ₹ ૫૦૦૧/-

- શ્રી મનીષ પંકજ શાહ, સાયરા (ડોંબીવલી)
- શ્રીમતી હંસાબેન હીરાચંદ શાહ (મેશેરી), નાની સીંધોડી (રાયપુર)

### કાયમી સવારનો ચા-નાસ્તો - ₹ ૩૦૦૧/-

- શ્રીમતિ કલ્પના નવિનચંદ્ર નન્દુ, પુનડી (નવી મુંબઈ)
  હ. અનિલ પ્રેમજી છેડા, ગદગ
- શ્રી વર્ધમાન મુલજી નાગડા, જખૌ (નવી મુંબઈ)
  હ. ચંદ્રપ્રભા બંકિમચંદ ખોના

### કાયમી બપોરની ચાય - ₹ ૧૫૦૧/-

- શ્રી લોકેન્દ્ર નરશી દંડ, ધાવનોડ-ધાર (મધ્ય પ્રદેશ)

### સાધર્મિક ભક્તિ મિષ્ટાન્ન ભોજન - ₹ ૧૦૦૦/-

- કુમારી અમ્રિતા રમેશ લોડાયા, સુથરી (ડોંબીવલી) (જન્મ દિવસ નિમીતે)
- માતુશ્રી સોનબાઈ વેરશી પાશ્વીર સાવલા (વાપી)
  હ. પ્રદીપ સાવલા સુજાપુર
- શ્રીમતિ ઉષાબેન રમેશ સીંગાલા, (હુબલી) હ. વીણાબેન ગોશાલ, ગદગ
- શ્રીમતિ હર્ષાબેન રૂપેશ લાપસીયા,સુથરી (પુના)(હર્ષાબેનની પુણ્ય સ્મૃતિ)
- ચિ. શ્લોક સૌમ્ય ખોના, જખૌ, (ચર્ચગેટ) (જન્મ દિવસ નિમીતે)
- શ્રી ખીમજી ચત્રભુજ ગાલા, તેરા (મુલુંડ)
- શ્રી લક્ષ્મીચંદ તથા હીરલાબાઈ ની ૫૦ મી લગ્નતિથિ, જખૌ (હુબલી)
  હ. શ્રી જયેશ તથા શ્રી જીતેન્દ્ર લક્ષ્મીચંદ કુંવરજી શીયાલ
- શ્રીમતિ કાન્તાબેન મણીલાલ મેશેરી, મુંબઈ
- શ્રી ગોપાલભાઈ બાબુલાલ શાહ, ગદગ (જન્મ દિવસ નિમિત્તે)
- સ્વ. શ્રીમતી જયવંતીબેન રતીલાલ મોતા, તેરા (ગદગ)
  કુ. નિકિતા વીપીન મોતાના લગ્ન પ્રસંગ નિમિતે
- શ્રી ધનજી કલ્યાણજી ધરમશી, સુથરી (બેંગલોર) હ. કિર્તીભાઈ
- માતુશ્રી મેઘબાઈ કેશવજી લોડાયા, બાયઠ (ભાંડુપ) હ. પ્રવિણભાઈ

**સંસ્થા વતી ખૂબ ખૂબ અભિનંદન અને આભાર**

**સંસ્થાને ફાળો નીચે મુજબના બેંકના ખાતામાં જમા કરી, નામ નોંધાવી શકાય છે.**

**શ્રીમતી મણીબાઈ કાંતિલાલ શાહ (મેશેરી) ચેરીટેબલ ટ્રસ્ટ-ગદગ**
**HDFC બેંક - SB A/c No. 17621450000018, RTGS/NEFT/IFSC Code HDFC 0001762**
**CANARA - SB A/c No. 0511101019459, Bank IFSC Code CNRB0000511**

**આ ટ્રસ્ટને અપાતું દાન I.T. ACT 1961/U/S 80 G હેઠળ કરમુક્તિને પાત્ર છે**

મુંબઈ સંપર્ક : શ્રી કુલીનકાંત ચાંપશી લુઠીયા-09820039469, શ્રી રાયચંદ હંસરાજ ધરમશી-09820084867

## આરોગ્ય-પ્રકાશ : જરૂરી છે નિયમિત હેલ્થ ચેક-અપ

"પ્રિવેન્શન ઈઝ બેટર ધેન ક્યોર". લગભગ આવી જ વાત કહેતી કહેવત ગુજરાતીમાં પણ છે કે "ચેતતો નર સદા સુખી". સ્વાસ્થ્ય બાબતે જો આપણે થોડા ચેતી જઈને વરસમાં એકવાર કોમન એવી મેડિકલ ટેસ્ટ કરાવી લઈએ તો બની શકે કે ગંભીર બીમારી આગળ વધે એ પહેલાં જ એને ડામી શકીએ. મેડિકલ ફીલ્ડમાં અગાઉ અત્યારે છે એવી કોઈ સુવિધાઓ ઉપલબ્ધ નહોતી તેથી **રેગ્યુલર હેલ્થ ચેક-અપ** શક્ય નહોતું બનતું, પણ હવે બહુ સરળતાથી આ સુવિધાઓ ઉપલબ્ધ છે તો એનો ફાયદો લઈ સ્વસ્થ અને લાંબું જીવન મેળવી શકાય. એ ઉપરાંત અત્યારના સમયમાં લોકોની લાઈફ સ્ટાઈલ સ્ટ્રેસફુલ છે. કામકાજના કલાકો વધારે છે, ખાવા-પીવામાં ઘણી અનિયમિતતા છે, રાત્રે મોડા સૂઈ, સવારે વહેલા ઊઠવું પડે છે તેથી ઊંઘ પૂરતી નથી મળતી, પોલ્યુશન ભરપુર છે, ખોરાક શુદ્ધ નથી વગેરેના કારણે હેલ્થની સમસ્યાઓ થઈ શકે છે. હરીફાઈના જમાનામાં લક્ષ્યને પામવા આપણે હેલ્થને ઇગ્નોર કરીએ છીએ.

હેલ્થના પ્રોબ્લેમ્સ જો સમયસર ડિટેક્ટ થાય તો એ ક્યોર થઈ શકે છે. જાણીતા કાર્ડિયોલોજિસ્ટ ડો. આશિષ કોન્ટ્રેક્ટર કહે છે, "દરેકે વરસમાં એકવાર બ્લપ્રેશર, કોલેસ્ટરોલ, બ્લડશુગર જેવા કેટલાક કોમન હેલ્થ ચેક-અપ રેગ્યુલર એટલે કે વરસમાં એકવાર કરાવી લેવા જોઈએ. પોતાનાં બ્લડશુગર, બીપી., કોલેસ્ટરોલ વગેરે કેટલાં રહે છે એની દરેકને ખબર હોવી જોઈએ. એ ઉપરાંત સ્ત્રી અને પુરૂષે ઉંમરના હિસાબે જે ટેસ્ટ કરાવવી જરૂરી હોય એ કરાવવી જોઈએ. જેમકે સ્ત્રીઓને એક એજમાં સ્તન અથવા તો યુટ્રસને લગતી સમસ્યાઓ થાય છે. એ રીતે પુરુષોને પ્રોસ્ટેટને લગતી સમસ્યાઓ થાય છે. એ ઉપરાંત કોઈ અસામાન્ય લક્ષણો દેખાય તો એની પણ ટેસ્ટ ત્વરિત કરાવી લેવી જોઈએ.

### કઈ ઉંમરે કઈ તકલીફ થઈ શકે છે અને એ માટે કઈ ટેસ્ટ કરાવશો?

**૨૦ થી ૩૦ વર્ષમાં :**

**સ્ત્રીઓ :** રિસ્ક-હાઈ કોલેસ્ટરોલ, બ્રેસ્ટ-કેન્સર, ટાઈપ ટુ ડાયાબિટીઝ (ઇન્સ્યુલિન પેદા થાય, પણ શરીર રિસ્પોન્ડ ન કરે. શુગર કોશમાં પ્રવેશી નહીં શકવાથી એ એનર્જી ન આપી શકે અને બ્લડમાં શુગરનું પ્રમાણ વધારે)

**ટેસ્ટ :** બ્રેસ્ટ સ્વપરીક્ષણ, પેપ સ્મિઅર (સ્ત્રીઓના પ્રજનન તંત્રમાં કેન્સરનું રિસ્ક પેદા નથી થઈ રહ્યું એ માટેની ટેસ્ટ), જો વધુ રિસ્ક લાગે તો મેમોગ્રામ.

**પુરુષો :** રિસ્ક-હાર્ટની સમસ્યાઓ, ટાઈપ ટુ ડાયાબિટીઝ, હાઈ કોલેસ્ટરોલ

**ટેસ્ટ :** ઈસીજી (ઇલેક્ટ્રો કાર્ડિઓગ્રામ) ટેસ્ટ અથવા ડોક્ટર પ્રિસ્કાઈબ કરે એ.

**કોમન ટેસ્ટ :** બ્લડપ્રેશર, બ્લડ-ગ્લુકોઝ, કમ્પ્લીટ બ્લડ-કાઉન્ટ, લિપિડ પ્રોફાઈલ (કોલેસ્ટરોલ અને ટ્રાગ્લિસરાઈડના ડિસ્ટર્બન્સ માટે).

**૪૦ વર્ષ પછી :**

આ વયે સ્ત્રીઓ અને પુરુષોને હાર્ટની તકલીફોનું ભારે રિસ્ક હોય છે. ટાઈપ ટુ ડાયાબિટીઝ પણ ૩૦ વર્ષ પછી હોય છે અને ૧૦માંથી એક કેન્સર ૨૫થી ૪૦ ના એજના ડાયગ્નોસ થાય છે. ૪૦ની વયે પુરુષોમાં હાર્ટની તકલીફ આ જ વયની સ્ત્રીઓ કરતાં વધુ જોવા મળે છે. ચાલીસી પૂરી થવામાં હોય અને જો ફેમિલીમાં કોઈને પ્રોસ્ટેટની તકલીફો હીસ્ટરી હોય તો પ્રોસ્ટેટ કેન્સરનું રિસ્ક પુરુષોને રહે છે.

**ટેસ્ટ :** સ્ત્રીઓએ બ્રેસ્ટનું સ્વપરીક્ષણ, મેમોગ્રામ, હાડકાંની ઘનતા માટેની બોન ડેન્સિટી ટેસ્ટ કરાવવી કારણ કે ઑસ્ટિયોસ્પાયરોસિસનું રિસ્ક આ સમયે રહે છે. ઓવરીનું સ્ક્રીનિંગ અને પેપ સ્મિઅર.

પુરુષોએ દર પાંચ વર્ષે હાર્ટના રોગની ટેસ્ટ કરાવવી, પણ જો હાઈ રિસ્ક હોય તો દર વર્ષે કરવી જરૂરી. પ્રોસ્ટેટ ચેક-અપ

**કોમન ટેસ્ટ :** બ્લડ-ગ્લુકોઝ, બ્લડપ્રેશર, લિપિડ પ્રોફાઈલ (કાર્ડિયોવેસ્ક્યુલર રિસ્ક માટે), કમ્પ્લીટ બ્લડ-કાઉન્ટ, ઈસીજી, કાર્ડિયોલોજી ટેસ્ટ

**૫૦ની વયે :** ૫૦ પછી હાર્ટની તકલીફો, કેન્સર, સ્ટ્રોક અને ડાયાબિટીઝનું રિસ્ક વધી જાય છે. આ ઉંમરે એક્ટિવ રહેવું જરૂરી છે.

**સ્ત્રીઓમાં રિસ્ક :** ઓસ્ટિયોપોરોસિસ, હાર્ટના રોગ, ઓવરીનું કેન્સર.

**ટેસ્ટ :** ૪૦ની ઉંમરે કરાવતા હતા એ ઉપરાંત ઈસીજી સહિતની કોરોનરી હૃદયની મુખ્ય રક્તવાહિનીઓની સ્ક્રીનિંગ ટેસ્ટ.

**પુરુષોમાં રિસ્ક :** હાર્ટ, પ્રોસ્ટેટ અને કોલન (મોટા આંતરડાનો અંત ભાગ) કેન્સર.

**ટેસ્ટ :** પ્રોસ્ટેટ કેન્સર માટે સિરમ પીએસએ.

કોમન ટેસ્ટ ૪૦ની વયની ડોક્ટર રિફર કરે એ બધી જ.

**૬૦ની વયે :** ટાઈપ ટુ ટાયાબિટીઝનું રિસ્ક આ ઉંમરે સ્ત્રી-પુરુષ બન્નેમાં ઘટે છે, પણ હાર્ટ અને કેન્સરનું રિસ્ક વધી જાય છે.

**સ્ત્રીઓ :** રિસ્ક-ઓસ્ટિયોપોસિસ, આંતરડાનું કેન્સર, જે ૬૦ પછી જ થાય છે. સ્ટ્રોક, હાર્ટમાં રોગ.

**ટેસ્ટ :** બોન ડેન્સિટી ટેસ્ટ, મેમોગ્રામ, પેલ્વિક એકઝામ (ગર્ભાશય સહિતનાં આંતરિક અંગો), કોરોનરી સ્ક્રીનિંગ, પેપ સ્મિઅર.

**પુરૂષો :** સ્ટ્રોકનું ૭૫ ટકા રિસ્ક વધી જાય છે. ટેસ્ટ કોલોરેક્ટલ, કેન્સરનું રિસ્ક હાઈ છે.

**૭૦ની વયે :** ડાયેટ, એક્સરસાઈઝ અને અગાઉ જણાવેલા કોમન તથા ડોક્ટરની સલાહ મુજબના ચેક-અપ જરૂરી.

**પીએસએ :** પ્રોસ્ટેટ સ્પેસિફિક એન્ટિજન

**ઈસીજી :** ઈલેક્ટ્રો કાર્ડિયોગ્રામ.


**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404



"મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા "મહાવીર"-માટુંગા

**એમ્બ્રોડેરીનો નવી સ્ટોક મહાવીરમાં...**

- હાથ અને મશીનની રેશમભરતની ભારે પારસી સાડીઓ
- રેશમ-જરી-સ્ટોન-પીટાવર્ક-બાદલાની ભારે તૈયાર સાડીઓ
- પારસી ભરતની કુર્તીઓ
- કસબ-બટકસબની તૈયાર સાડીઓ અને ઘરચોળાની બોર્ડરો
- બાંધણી માટી ફેન્સી બોર્ડરો
- પ્લેઈન તેમજ ફેન્સી ડાયેબલ સાડી મટીરીયલ
- દરેક પ્રકારનું ભરતકામ તેમજ ઓલ્ટરેશન વર્ક હેન્ડવર્ક તેમજ મશીનવર્કથી કરી આપીશું.

**ફક્ત સાચી જરીની જૂની સાડીઓ-બોર્ડરો અને ઘરચોળા સારા ભાવે વેંચાતા લઈશું**

**મહાવીર'સ એમ્બ્રોઇડરી**

મહાવીર બીલ્ડીંગ કંપાઉન્ડ, ભંડારકર રોડ,
માટુંગા (સે.રે.), મુંબઈ-૪૦૦૦૧૯.
ફોન : 022 - 2402 1818
(રવિવાર બંધ)



## વજન, પેટનો ઘેરાવો મહિનામાં ઘટાડો

**સંપર્ક : ફોન 09869447858**

પરેજી-આડઅસર વગર સુવાવડ પછીનું ફુલેલું પેટ, બેઠાળુ શરીર, થાઈરોડ, સોજા, માસિક (મેનોપોઝ) પ્રોબ્લેમ, જુની કબજીયાત, વાયુથી વધતું વજન, હાથ-પગની ચરબી, કમરનો ઘેરાવો વગેરે ઘરે બેઠાં ઘટાડીને પાતળા બનો. (વજન પાછું વધતું નથી.)

સંધિવા, પગ-ઘુંટણ કમરનો દુખાવો, વા, ચાલવામાં તકલીફ થાક લાગવો વગેરેમાં આરામ અને વાળ ખરતાં અટકાવો, લાંબા બનાવો.

**વધુ માહિતી-09819769903**
**(ડો. આશાબેન મહેતા)**


## શ્રી અંબઈ માં નાગડા પરિવાર-કોઠારા પરજાઉ

જય માતાજી સાથે જણાવવાનું કે **પરજાઉમાં મેપાણી** ડેલીમાં બિરાજમાન નાગડા ગોત્રના કુળદેવી શ્રી અંબઈમાંને નમતા ભાવિકો જોગ, પરજાઉમાં બિરાજમાન કુળદેવી અંબઈમાંની સમુહ પહેડી અને જુહાર કારતક સુદ પૂનમ **તા.૨૮-૧૧-૧૨** બુધવારના સવારના ચઢતે પહોરે પહેડીનું મહાઆયોજન કરવામાં આવેલ છે. આ પ્રસંગે સર્વે ભાવિકો તથા નિયાણી બેનોને સહકુટુંબ પધારવા આમંત્રણ છે. આવનાર ભાવિકોએ અગાઉથી જાણ કરવી તેથી વ્યવસ્થામાં સુગમતા રહે.

**-: સંપર્ક :-**

**મણિલાલ ચત્રભોજ નાગડા - 9323671290**
**પ્રફુલ લક્ષ્મીચંદ નાગડા - 9820443872**
**રાજેશ વિસનજી મેપાણી - 9820302632**
**કપુર ઉત્તમચંદ નાગડા - 9920102264**
**પરેશ ખીમજી નાગડા - 9867797833**

નોંધ : ખેતરપાળદાદાને નમતા ભાવિકોને વિનંતી કે વહુઓએ કેશરી વસ્ત્રો તેમજ ભાવિકોને કાળા વસ્ત્રો પહેરીને ન આવવું.

**ઇતિહાસ-પ્રકાશ : ઇ.સ. ૧૯૨૮ના ભાદરવા મહિનામાં પ્રગટ "પ્રકાશ"ના ચોથા વાર્ષિક અંકમાં સુધારાની નેમ સાથે અંક સંતુલિત લાગે તેની જહેમત દેખાઈ આવે છે.** *- ચંદ્રસેન મોમાયા*

ઇ.સ.૧૯૨૮ના ભાદરવા મહિનામાં પ્રકાશનો ચોથો વાર્ષિક અંક પ્રગટ થયો ત્યાં સુધીમાં જ્ઞાતિમાં નવા લખનાર વર્ગનો ઉમેરો થઈ ગયો હશે, એવું સ્પષ્ટ લાગે છે. પ્રારંભના અંકોમાં પ્રબળ રીતે સુધારાની ઝંખના કરનાર પ્રકાશક ધી ફ્રેન્ડલી યુનીયનના સભ્યો આ ચોથા અંકમા પોતાના વિચારોની પ્રમાણમાં પ્રકાશકોને ન ગમે તેવી અભિવ્યક્તિ કરતા હોય તો પણ સારા પત્રકાર તરીકે તેમને સ્થાન આપવું જોઈએ, તેથી જનસંપર્ક કેળવાશે સામાજિક માનહર્તા મેળવી શકાશે એ બાબત વ્યવહારૂ વલણ દાખવતા જણાય છે.

આ અંકમાં સ્ત્રીઓ દ્વારા લખાયેલ સ્ત્રીજીવન વિશેના લેખો તથા અન્યોના સ્ત્રી જીવનને સ્પર્શતા લેખો ખાસ ધ્યાન ખેંચે છે.

સૌ. કુંવરબાઈ દેવજીનો લેખ "શું સ્ત્રી એ મનુષ્ય નથી?" તેના મથાળાની જેમ ખૂંચે તેવે ધારદાર છે. સૌ. મીઠાંબાઈ મેઘજીનો લેખ આપણી વિધવાઓ તથા નિરાશ્રિત બહેનો માટે વિધવાશ્રમ સ્થાપવા તથા બહેનો યોગ્ય કેળવણી મેળવી વિધવા હોય કે થાય તો પણ સ્વમાનભેર આજીવિકા મેળવે એવો આગ્રહ કરાયો છે.

ક.દ.ઓ જૈન જ્ઞાતિમાં બનેલા સત્ય પ્રસંગે વિશેની સૌ. સરલાબાઈ સુમતિચંદ્રની વાર્તા "આદર્શ વિધવા" પણ વિધવા ઉન્નતિ માટે તેમને સંગઠિત કરવાની વાત કરે છે.

મણીબાઈએ "આપણાં બાળકો સદગુણી અને નામાંકિત કેવી રીતે નીવડે" આજે પણ પ્રસ્તુત છે. અને લેખો ક.દ.ઓ. નારીશક્તિ કેવી જાગૃત હતી તેની ટાપશી પુરે છે.

જેઠાભાઈ આણંદજી માસ્તરના લેખ "અયોગ્ય લગ્નો", કલ્યાણજી રતનશી ધુલ્લાનો લેખ "વિધવાઓના પુનર્વિવાહની આવશ્યકતા" તેમજ રતનશી જીવરાજ મુરજીના લેખ જ્ઞાતિ અને પુનર્લગ્ન માત્ર ન્યાયની દષ્ટિએ જ નહીં પણ તેઓ કોઈની વાસનાનો શિકાર ન બની જાય તે દષ્ટિએ પણ પુનર્વિવાહને યોગ્ય માને છે. અલબત્ત, આ અંકમાં જ "સરદાર"ના નામે લખાયેલ લેખમાં "જ્ઞાતિને વિધવા પુનર્લગ્નની જરૂર નથી" એવી પણ રજુઆત છે.

કન્યાઓની અછત હોવા છતાં વિધવા વિવાહ બંધ કર્યા હોવાથી ઘણો યુવકોને (ફરજીઆત કુંવારાપણું" પાળવું પડે છે એવી સમસ્યા જીવરાજ કરમશી શાહે પ્રકાશમાં આણી છે.

હીરજી હંસરાજ શિયાળનો લેખ "અવનત દશાથી પ્રગતિના પંથે" પી.ડી. માવજીનો લેખ "આજનો યુવક" એમ.જી. ધરમશીનો લેખ "આડંબરી ખર્ચા" એક યા બીજી રીતે સુધારાની વાત કરે છે.

ચાંપશી લધા લોડાયાનો લેખ ઔદ્યોગિક કેળવણી જ્ઞાતિ તે વખતથી શિક્ષણની બદલાતી દિશા અને આવશ્યકતા અંગે જાગૃત હતી તે બતાવે છે.

ભીમજીભાઈનો લેખ "તમે સંવત્સરિક પ્રતિક્રમણ કીધું છે?" પરિક્ષમાપના શું છે તેનો મર્મ સમજાવે છે.

જેઠાભાઈ દેવજી નાગડાનો લેખ નાગડા ગોત્રની ઉત્પતિ અને કાનજી કરમશી માસ્તરનો લેખ પંચગીનીની સહેલ રસપ્રદ માહિતી આપે છે.

ક.દ.ઓ. જૈન પાઠશાળા તથા બોર્ડિંગના સ્થાપકોમાંથી એક વેલજી આણંદજી મૈશેરીને જેઠાભાઈ દેવજી નાગડા અને ત્રીકમજી ડી. ખોનાએ આપેલ શ્રધ્ધાંજલિ તે વખતે ભણવા માટે પડતી મુશ્કેલીથી માંડી જ્ઞાતિના સમાજજીવનમાં ભણેલાઓના પ્રવેશથી થયેલા ફેરફારોનો ખયાલ આપે છે.

બીજો વાર્ષિક અંક તૈયાર કરતી વેળાએ મોકલેલ પ્રશ્નાવલિના જે ઉતર આવ્યા તેનું પ્રકાશન આ અંકમાં પણ ચાલુ છે.

એકંદરે ચોથા અંકમાં વૈવિધતા આપવાનો પ્રયત્ન દેખાઈ આવે છે. તે માટે એક ૫૦ ને વખતના સિધ્ધ હસી લેખકની વાર્તા પણ આપવામાં આવી છે. જ્ઞાતિ પત્રકારત્વની દષ્ટિએ સલામ કરવી પડે તેવો અંક.

*("પ્રકાશ"નાં જુના અંક માંથી સારાંશ રૂપે સંકલિત)*


**વગર દવાએ સરળ ઉપચારથી રજવાડીઠાઠથી જીવવાની કળા**

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંટણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફકત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થૈરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થૈરાપી એક્યુપ્રેસર થૈરાપી • પાસ થૈરાપી • બુંહાગ ઈન્સ્ટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થૈરાપીના નિષ્ણાત.

**આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે**

Raajendra S. Shah (Sr. therapist) Matunga,
Mob.: 9820002953 • Tel.: 022-24121234

# DAKSHIN BHARAT KUTCHI DASHA OSWAL JAIN EKKAM

44B, 1st Main Road,3rd Phase, J P Nagar, Opp. Mini Forest, Bangalore - 560078

**PATEL MOHAN RAMESH AND CO,** Chartered Accountants

**FORM NO. 10B** [See Rule 178]

**Audit Report under section 12A (b) of the Income-tax Act, 1961 in the case of charitable or religious trusts or institutions**

1. We have examined the balance sheet of DAKSHIN BHARAT KUTCHI DASHA OSWAL-JAIN EKKAM at 44B, 1st Main Road, 3rd phase, J P Nagar, Opp. Mini Forest, Bangalore-560078, KARNATAKA (Permanent Account No. AAATD1164E ) as at 31/March/2012 and the Income and Expenditure Account for the year ended on that date which are in agreement with the books of account maintained by the said Trusts.

2. We have obtained all the information and explanations which to the best of our knowledge and belief were necessary for the purposes of the audit. In our opinion, proper books of account have been kept by the head office and the branches of the above-named Trusts by us far as appears from our examination of the books and proper returns adequate for the purposes of audit have been received from branches not visited by us subject to the comments given below :-

3. In our opinion and to the best of our information, and according to information given to us the said accounts give a true and fair view:- i. In the case of the balance sheet of the state of affairs of the above-named Trusts as at 31/March/2012 and ii. In the case of the Income and Expenditure Account, of the deficit of its accounting year ending on 31/March/ 2012. The prescribed particulars are annexed hereto.

PATEL MOHAN RAMESH AND CO

Place: Bangalore **Chartered Accountants**

Date: 15/06/2012 (SHAMJI L. PATEL) Partner

Membership No. 019545, Firm Reg. No.: 002597 S

Status :Trusts Assessment Year :2012-2013

**Income & Expenditure A/c for the year ended 31/03/2012**

| Expenditure | Sch. No | Current Year Amount (Rs.) | Previous Year Amount (Rs.) | Income | Sch. No | Current Year Amount (Rs) | Previous Year Amount (Rs) |
|---|---|---|---|---|---|---|---|
| Administrative Exp. | N | 37,86,386 | 28,91,273 | Direct Incomes | S | 12,07,691 | 28,82,359 |
| Finance Charges | O | 51,81,140 | 49,63,790 | Indirect Incomes | T | 26,21,278 | 1,78,642 |
| Depreciation | I | 71 93 219 | 43,36,939 | | | | |
| Rates & Taxes. | P | 20 400 | 3 02 045 | | | | |
| Educational Aid | Q | 13,000 | 21 000 | Net Loss c/f | U | 54,88,845 | 28,80,076 |
| **Total** | **R** | **1,61,94,145** | **1,25,15,047** | **Total** | | **1,61,94,145** | **1,25,15,047** |
| Net Loss b/f | | 1,23,65,176 | 94,54,046 | | | | |
| Inadmissible Expenses | | 5,62,800 | 4 21,970 | EXAM t Income / Others | | 79,59,262 | 39,65,201 |
| | | | | Excess of Expenditure | | 49,68,714 | 59,10,815 |
| | | | | over Income | | 1,29,27,976 | 98,76,016 |
| **Total** | | **1,29,27,976** | **98,76,016** | **Total** | | **1,29,27,976** | **98,76,016** |

**Balance Sheet as at 31/03/2012**

| Sl. No. | Liabilities Capital | Sch. No | Current Year Amount Rs | Previous Year Amount Rs | Sl. No. | Assets | Sch No | Current Year Amount Rs | Previ.Year Amount Rs |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | Building Fund | A | 2,11,33,407 | 2,01,02,287 | 1 | Fixed Assets | I | 7,05,18,366 | 7,71,85,736 |
| | | | | | 2 | Investments | J | 16,700 | 16,700 |
| | Other Fund | B | 4,718 | 47,183 | | Current Assets,Loans&Adv. | | | |
| | Corpus Fund. | C | 69,62,142 | 69,60,627 | | Current AssetsK | | | |
| 2 | Loan | | | | | Cash on Hand | | 6,220 | 28,122 |
| | Secured Loans | D | 3,75,06,402 | 3,94,70,565 | | Vijaya Bank - | | | |
| | | | | | | 11,023 | | 5,458 | 1,59,644 |
| | Unsecured Loans | E | 37,15,025 | 38,15,925 | | Vijaya Bank-779 | 52 | | |
| 3 | Current Liab.&Prov. | F | 33 63 773 | 44 77 821 | | Sundry Deposits | K1 | 7,61,450 | 7,91,979 |
| | Sund Creditors | G | 10 88 000 | 3,30,071 | | Deposits | K2 | 4 52 160 | 3 32 160 |
| | Provisions | | | | | Loan Advance | L | | |
| | Current Liabilities | H | 99,90,000 | 95,20,000 | | Kalpavruksha Trees | | 16,825 | 16,825 |
| | | | | | | Balkrishna - Fire | | | |
| | | | | | | Extinguishers | | 51,000 | |
| | | | | | | Mani - Fire | | | |
| | | | | | | Extinguishers | | 15,000 | |
| | | | | | | Salary Advance | | 1,500 | |
| | | | | | | Other Advances | L1 | 11 83 449 | 57 66 574 |
| | | | | | 4 | Profit & Loss (Dr.Bal) | M | 1 07 35 287 | 57 66,574 |
| | Total | | 8,37,63,467 | 8,46,82,014 | | Total | | 8,37,63,467 | 8,46,82,014 |

| Khushalchand D. Dharamshi | Satish D. Shah | Chandrak M. Patel | Kaushik N.Sonawala |
|---|---|---|---|
| (President) | (Secretary) | (Treasurer) | (Jt. Treasurer) |

## DAKSHIN BHARAT KUTCHI DASHA OSWAL JAIN EKKAM

### Annual report for the Year 2011-20-12

Good News. FY 2011-12 was a challenging year and by the grace of God and Support from you all, we have achieved and met our expectations in terms of V -rent loan repayments, repayments to vendors, and Interest free loan repayments and we have moved closer to our goal of making the resources more useful to our entire KDO community.

Our liabilities are slowly reducing and as planned in about 5 to 6 years we shall be totally debt free.

Two wedding functions of KDO members were performed at Kutchi Bhavan during FY 2011- 12. The entire facility of KUTCHI BHAVAN has been of great help to KDO members as the hall is available to KDO at Rs.11,000/- and rooms at Rs.500/- which would otherwise cost a non KDO Hall at Rs.75,000/- and rooms at Rs.2,000/- per day.

The hall has been of great help to KDO Bangalore to perform its religious activities of Paryushan, Bhalara Dada's pedi and other social activities. Good number of KDO members during their visit to Bangalore have stayed at KUTCHI BHAVAN and expressed their happiness and appreciation of this 3 star facility.

We are happy that Dakshin Ekkam has been able to provide such a great facility and support to our Community.

Kutch! Bhavan was also used by Jayanagar Jain temple & Swaminarayan trust for its religious activities.

We have sponsored 81 members from Dakshin Ekkam to an event organized by Mumbai Mahajan and all Ekkams. We have paid Rs.81000/- towards the registration fees of all the participants from Dakshin Ekkam.

**KUTCHI BHAVAN Hall:** We had an occupancy of about 32.5 days in the FY 2011-12.

**Rooms:** We have leased out 54 Rooms to Elysium Group for a rent of Rs.5 Lacs per month with an annual escalation of 5% every year. Elysium group has completed one year of period last November.

Presently we have handed over the possession of 53 rooms out of 54 rooms to Elysium. The balance 1 room is occupied by us as store room. and the same will vacated once the office is ready on the upper terrace area. The work is pending due to paucity of funds.

**Terrace Restaurant:** The terrace floor has been given to MTR for a rent of Rs.2 lakhs PM with an escalation of 15% once in every 3 years.

**Work Under progress:** Fire exit work is under progress. The estimated cost for this work is Rs 6,50,000/-. We have already spent about Rs.3.5 Lacs.

**Pending Works:** • I would now like to draw your attention on the works which needs immediate attention, these works are withheld for lack of funds, the following have to be executed ASAP. • 320 KVA Genset. • Staff toilets Bathrooms. • Office and furniture for Ekkam at the upper terrace. • Entrance gates to basement. • Fixed partition and door to control access to basement from the stage area. • Furnishing of 1 bedroom. • Covering both sides of basement. Pending works are estimated at about Rs. 40 Lacs.

Power backup costing about 19 Lacs is one of the most important requirement at KUTCHI BHAVAN and with the present financial condition it is extremely difficult to buy, hence we are still hiring the generator with operator which is costing us about Rs.45,000/- excluding diesel every month, which effectively means that we are paying more than 2% of the cost of the genset every month.

Trade license for Rooms and Hall has been renewed in Ekkam's Name and the Trade license for Restaurant has been renewed by MTR in its name. Property tax of only 6 Months has been paid for the FY 2011-12 and balance 6 Months is still pending for paucity of funds.

I would sincerely thank all the members of the EKKAM who have motivated us to do our best for the Community at all times.

I extend my sincere thanks to the Hon. President, Vice-Presidents, Joint Secretary, Hon. Treasurer, Joint Treasurer and the Committee members for their valuable support, guidance and co-operation.

I also extend my sincere thanks to our friend Sri Jeetendrabhai Mehta and Sri Shamjibhai of M/S PATEL MOHAN RAMESH and Co for helping us to maintain the Books of accounts and audit the same.

I sincerely thank Shri Jaychandbhai and Venkatesh for taking care of day to day activities.

Looking forward for your continuing support at all times.

**Satish Devji Shah (Hon. Secretary)**

**MESSAGE FROM PRESIDENT'S DESK...**

My Dear Members,

I am happy to extend my warm greetings to you on behalf of my Committee.

I thank all the donors who have whole heartedly and generously contributed towards the construction of Kutchi Bhavan.

I also thank all those who have whole heartedly and generously contributed by way of interest free loan towards the construction of Kutchi Bhavan.

The entire Working Committee has worked very hard to achieve the goal of KUTCHI BHAVAN. We have taken care of every aspect of the design of the BHAVAN and hope you all will appreciate that we have one of the best halls of KDO in our country.

I request the dignitaries of the KDO to support us in getting ROOM DONORS for 11 rooms and a donor for 320 KVA generator.

I request the dignitaries and Mahajans of the KDO to support us with interest free loan to complete the works which needs immediate attention.

I am happy to convey the financial results for the year 2011-2012.

I wish to place on record my appreciation to our Office Bearers and Managing Committee for their efforts and also Members and staff who have worked with me to make D.B.K.D.O Jain Ekkam as one of the best organization of K.D.O in India.

I congratulate our Hon. Secretary Mr. Satish Devji Shah, for being awarded the prestigious KUTCH SHAKTI AWARD 2012 by the KUTCH SHAKTI selection committee.

I look forward for your continued support, encouragements and your valuable suggestions for the systematic growth of our Ekkam to greater heights and to fulfill the dreams of our Members and their families.

Your support is our strength.

With Warm Regards,

**KHUSHALCHAND DHANJI DHARAMSHI (PRESIDENT)**

## ટૂંકી વાર્તા : અલ્ઝાઈમર

ઝડપથી ફ્રેન્ડ પેટ્રીક તૈયાર થઈ ગયા. સવાર હતી. તૈયાર થવામાં તકલીફ પડતી હતી. જમણા હાથના અંગૂઠા પર પાટો હતો તેથી વાળ સરખા નો"ના ઓળાતા જલ્દી પહોંચવું હતું.

તેઓ જલ્દીથી ડો. વિલ્કીન્સનની ક્લિનિક પર પહોંચી ગયા. રિસેપ્શન કાઉન્ટર પર નામ તથા વિઝીટ તો ટાઈમ લખી, લાઉન્જની ખુરશીમાં બેઠા. વારેવારે ઘડિયાળ તરફ નજર નાંખી રહ્યા. મનમાં ઉત્સાહ ઊભરાતો હતો. મોં પર મુલકાતની રોમાંચનું સ્મિત આવી જતું હતું. આમતો સાવ રોજિંદુ હતું.

ત્યાં નર્સે આવી તેમનું નામ લીધું. ટાઈ સરખી કરતા, "ગુડમૉર્નિંગ" કહી તેઓ ઊભા થયા. નર્સે તેમનું વજન લીધું, બ્લડપ્રેશર માપ્યું ને રૂમમાં લઈ ગઈ. મિ. પૅટ્રીક! બહુ હેન્ડસમ લાગો છો. ક્યાંય જવાનું છે? થોડા અધીર લાગો છો." નર્સના ફૂંકાળા શબ્દોથી ફ્રેન્ક પ્રસન્ન થતા. ત્યાં ડો. વિલ્કીન્સન આવ્યા.

"હાય! ઓલ્ડ મેન!" કહી તેઓ સ્ટુલ પર બેઠા. ફ્રેન્કની નજરમાં નારાજગી જોઈ ડો. વિલ્કીન્સન હસી પડ્યા. "ઓહ! સોરી! ઓલ્ડમેન ન કહેવું જોઈએ ખરું ને?"

"ડોક્ટર! તમે જ કહ્યું છે કે મનથી સજાગ રહો તો વૃદ્ધ ન બનો ને તમે જ..."

"આઈ, એમ. સૉરી! ફ્રેન્ક! બોલો કેમ આવવું થયું?"

ડૉ. વિલ્કીન્સન જોઈ શક્યા પાંચ મિનિટની વાતચીતમાં ફ્રેન્કે બે ત્રણ વાર ઘડિયાળમાં જોઈ લીધું હતું. તેઓને કુતૂહલ થયું. બહુ જલ્દીમાં છો ફ્રેન્ક! વાર નહીં લાગે. તમારા અંગૂઠાના ટાંકા કઢાવવા આવ્યા છો ને!"

તેટલીવારમાં નર્સે બૅન્ડેજ ખોલી નાંખ્યો હતો. ડૉ. વિલ્કીનસને ગ્લોઝ પહેરી લીધા હતા ને નાની કાતર ટાંકા કાપવા હાથમાં લીધી. "ફ્રેન્ક! બીજે ક્યાંય એપૉઈન્ટમેન્ટ છે? બહુ ઉતાવળમાં લાગો છો." ડોક્ટર!" ફ્રેન્કના અવાજમાં ઉત્સાહ છલક્યો. "બીજે એપૉઈન્ટમેન્ટ નથી પણ મારે સાડા નવે નર્સિંગ હોમ પહોંચવાનું છે."

"બસ, નવ વાગવા આવ્યા છે. દસ મિનિટમાં તમે જઈ શકશો. પણ નર્સિંગહોમ કેમ?"

"મારા વાઈફ-પત્ની ત્યાં છે ને ! સવારનો બ્રૅકફાસ્ટ-નાસ્તો અમે બન્ને સાથે જ કરીએ છીએ તેથી."

"ફ્રેન્ક!" ડૉક્ટર આત્મીયતાથી બોલ્યા. "તમે પાંસઠના થયા પણ જાણે કૉલેજમાં હો ને ગર્લફ્રેન્ડને મળવાનો વાયદો આપ્યો હોય તેમ અધીર થઈ ગયા છો? કેમ છે તમારા પત્ની ને?"

"ડૉક્ટર! આજે ત્રણ વરસથી ડોરોથી નર્સિંગહોમમાં છે. રોજ સવારે અમે સાથે નાસ્તો કરીએ છીએ. એમાં મીનમેખ ફેર ન થાય" "આહા! એટલે બનીઠનીને જાઓ છો?" ડોક્ટરને ફ્રેન્ક સાથે એક આત્મીયતા બંધાઈ ગઈ હતી.

જાવું જ છે. એને જોઈ તેની આંખોને કેટલું ગમે? મને સુંદર કપડામાં જોઈ સવારના સૂરજ જેવી આભા ને સ્મિત તેના મોં પર રેલાઈ જાય છે. એ જોઈ મારું દુ:ખી મન પણ પ્રસન્ન થઈ જાય છે."

"કેમ તેમને નર્સિંગહોમમાં રાખ્યા છે?"

"ડોક્ટર! ત્રણ વરસથી તેને અલ્ઝાઈમર રોગ થયો છે."

"તમે સમયમાં નહીં પહોંચો તો નારાજ થઈ જશે નહીં." ડૉક્ટર ટાંકા કાપતાં બોલી રહ્યા.

"ડોક્ટર! અલ્ઝાઈમર શું હોય તે તો તમે જાણો છો. પ્રાથમિક સ્ટેજ વટાવી ચુક્યા છે. તેઓ હવે છેલ્લા એક વરસથી મને ઓળખી પણ નથી શકતા.

ડૉક્ટર ચોંકી ગયા ને સહજ રીતે બોલી પડ્યા, "અને ફ્રેન્ક! તોય તમે રોજ સવારે તમને એ ઓળખી પણ નથી શકતા છતાં તમે જાઓ છો? છેલ્લા ત્રણ વરસથી?"

ફ્રેન્ક હવે સ્વસ્થ થઈ ગયા. ટાંકા નીકળી ગયા હતા. બરન્ડ એઈડસ પટ્ટી લગાવી દીધી હતી. ડોક્ટરે ગ્લોઝ કાઢી નાંખ્યા હતા. ડૉક્ટરના બન્ને હાથ હાથમાં લઈ, થપથપાવી ફ્રેન્ક બોલ્યો, "હા! એ મને નથી ઓળખતી પણ હું તો તેને ઓળખું છું ને?"

*- ડૉ. નવીન વિભાકર ("કુમાર"માંથી સાભાર)*


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

# TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**

**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.

What is maturity? Maturity is the ability to handle frustration, control anger and settle differences without volume or destruction. Maturity is patience. It is willingness to pass up the immediate pleasure or profit in favor of along term gain. Maturity is perseverance, facing a situation boldly in spite of opposition and discouraging set backs.

Maturity is unselfishness responding to the needs of others. It is the capacity to face unpleasantness and disappointment without becoming bitter. Maturity is the gift of remaining calm in the face of complete confusion. This means peace not for ourselves but for those with whom we live and those whose lives touch ours.

Maturity is the ability to disagree without being disagreeable. Maturity is humility. A mature person is able to say ` I was wrong'. He is also able to say I am sorry. And when not proven right, he does not have to say, "I told you so" Maturity is the ability to make a decision to act upon that decision and to accept full responsibility for that outcome. Maturity means dependability, integrity, keeping one's word. The immature have excuses for everything. They are chronically slow and cannot face any crisis. Their lives are full of broken promises and unfinished business. Maturity is the ability to live in peace with that which we cannot change...

**Proverbs are lamps to life**

*Kill not animals, but kill the animal in you, the ego

*Man must ever strive for all that is good and great

*Let us perfect the means , the end will take care of itself.

*Swami Vivekananda*

**Amazing facts about elephants**

An elephant spends up to 18 hours a day eating. A large elephant eats nearly 100 pounds of hay and large portions of fruits and vegetables each day.

The most remarkable feature of the elephant is its trunk which he uses to breathe, to smell and to feel. He also uses it as a tube to suck up food and water, and as a crane to lift enormous weight, and as a trumpet to blow up his anger. He even uses it to blow water on his back in a fine spray and to cover its back with mud to protect his skin against the rays of the sun. and his trunk is a deadly weapon too.

The trunk contains over 40,000 separate muscles- more than a man has in its own body. These muscles make the trunk strong and quick in movement. With the use of the trunk an elephant can kill a man with the pressure of one squeeze, or pick up a piece of thread from a polished floor!

**Amazing figures**

In the isolated areas of Australia doctors are few and communication is difficult. So `flying doctor' services have been put into operation. In 1928, the first flying doctors started their operations with several airplanes. At present Australian doctors are flying some 2,400,000 kms. a year, attending around 70,000 patients in field clinics and transporting nearly 4,000 cases to hospitals

"Holland ( the Netherlands ) in western Europe has a population of 15 million who own 12 million bicycles. They ride nearly 17,000 kilometers of cycle paths. The Dutch use the cycle for their daily shopping, for reaching their work place and just for the fun of it.

Amsterdam in the Netherlands is the city of diamonds. Kohinoor, the world famous diamond from India was cut in Amsterdam. Cullinan, 3106 carats purity weighing over 500 500 grams, the largest diamond ever found, was also cut in Amsterdam. It is now a part of the British crown Jewels.

**Today's word**

Today's word is **`The bicycle riders of Netherlands'.** Make as many words as possible from these set of words and send it to Mrs Neelam Dalesh Momaya. The longest list wins a prize. This weeks prize goes to **Miss Neeta Hiren Dharamshi** (Mulund) for her 450 words from `the Jacobian Glacier'. Congratulations neeta. That was a nice attempt. Keep it up.

**By the bye**

If you are happy, keep on working. If disappointments come, work. If your health is threatened, work. When faith falters ,work. When dreams are shatters , work. No matter what ails you, work. Idleness gives room for doubts or fears. Work as if your life were in peril, it really is, so work faithfully. Work with faith. Work is the greatest remedy available, for mental and physical afflication. Work is man's greatest function, he is nothing, he can do nothing, he can achieve nothing, fulfill nothing without working.

## એકતા લેન્ડ ડેવલોપર્સ-નલિયા

### ૭માં લકી ડ્રોનું પરિણામ

### મુખ્ય ઈનામ

| ટોકન નં. | ઈનામ | ભાગ્યશાળી વિજેતા | સ્થળ |
|---|---|---|---|
| ૧૧૦ | 1 T. એ.સી. | માઘવજીભાઈ ભાનુશાલી | બુટા (અબડાસા) |

### આશ્વાસન ઈનામો

| ક્રમ નં. | ટોકન નં. | ઈનામ | ક્રમ નં. | ટોકન નં. | ઈનામ |
|---|---|---|---|---|---|
| ૧. | ૬૫ | રેફ્રીજરેટર | ૧૩ | ૧૭૧ | મીક્ષર ગ્રાઈન્ડર |
| ૨. | ૧૩૪ | માઈક્રોવેવ ઓવન | ૧૪ | ૧૯૬ | મીક્ષર ગ્રાઈન્ડર |
| ૩. | ૧૭૩ | ડી.વી.ડી. પ્લેયર | ૧૫ | ૧૧૭ | મીક્ષર ગ્રાઈન્ડર |
| ૪. | ૧૩ | સીલીંગ ફેન | ૧૬ | ૪૦ | ટ્રાવેલીંગ બેગ |
| ૫. | ૮૫ | સીલીંગ ફેન | ૧૭ | ૫૦ | ટ્રાવેલીંગ બેગ |
| ૬. | ૮૭ | સીલીંગ ફેન | ૧૮ | ૧૩૦ | ટ્રાવેલીંગ બેગ |
| ૭. | ૬૦ | નોકીયા મોબાઈલ | ૧૯ | ૧૬૬ | ફેમિલી ટીફીન |
| ૮. | ૧૪ | નોકીયા મોબાઈલ | ૨૦ | ૫૮ | ફેમિલી ટીફીન |
| ૯. | ૩૪ | નોકીયા મોબાઈલ | ૨૧ | ૨૧૯ | ફેમિલી ટીફીન |
| ૧૦ | ૨૩૦ | ડીનર સેટ | ૨૨. | ૨૦૫ | ઈલેક્ટ્રીક પ્રેસ |
| ૧૧. | ૧૧ | ડીનર સેટ | ૨૩ | ૦૧ | ઈલેક્ટ્રીક પ્રેસ |
| ૧૨. | ૧૫૪ | ડીનર સેટ | ૨૪ | ૧૫૦ | ઈલેક્ટ્રીક પ્રેસ |

## નાનાણા-દાદાણાનું ગૌરવ



**કુ. યોગીતા મહેશ મુલજી મોતા**
(લાલા-ડોંબિવલી)
B.E. Computer Engineering માં Distinction મેળવીને ઉત્તિર્ણ થયેલ છે.

**-: શુભાશિષ :-**

દાદાણા : **માતુશ્રી નવલબાઈ મુલજી મોતા** (લાલા-શેવગાંવ)
નાનાણા: **માતુશ્રી ઝમકુબાઈ લાલજી પટેલ** (સાંધવ-મુલુંડ)
મામા-મામી : **અ.સૌ. વિજયાબેન ગોવિંદજી પટેલ**


## પધારો પાલવને આંગણે...

અદ્‌ભુત, અનુપમ, અનોખી નવી ડિઝાઈનર બાંધણીઓનો તદન નવો સ્ટોક ચુંટી ચુંટીને લાવ્યા છીએ. ખાસ તમારા માટે... તદ ઉપરાંત ઘરચોળા, ચણિયાચોળી, કુરતી, ડ્રેસ મટેરિયલ અને બોર્ડર

વિશેષમાં કલાત્મક એમ્બ્રોડરી અને સ્ટીચીંગની સુવિધા ઉપલબ્ધ...

**પાલવ-મુલુન્ડ**

શોપ નં.૧, ઓ વિંગ, વર્ધમાનનગર, ભક્તિમાર્ગ, મુલુંડ (વે). ફોન : **2561 6842 / 2590 6287**

## પ્રસંગ તમારો-સુર અમારો

**નેહા શૈલેષ ગડા (સાભરાઈ)**

**લગ્નગીત, સગાઈ, પહેડી, પ્રાર્થનાસભા, ભક્તિભાવના, સાંજી જેવા તમારા અનેક પ્રસંગોમાં તમારા બજેટ અનુસાર સંપૂર્ણ સંગીત પાર્ટી સાથેનું શ્રેષ્ઠ આયોજન માટે સંપર્ક.**

**ફોન : 93223 13261 / 92214 36015**

**Email : nehagada25@gmail.com**


## સ્તુતિ

***(રાગ - ઓ મારા પ્રભુજી, સામે જુઓને)***

ઓ મારા પ્રભુજી, કર્મ ખપાવોને
કર્મ ખપાવોને, મોક્ષ અપાવો
તમારા ચરણોમાં, સ્થાન અપાવો
ઓ મારા પ્રભુજી વિનંતી સ્વીકારો
વિનંતી સ્વીકારીને, ઉરમાં લ્યોને
ભવોભવ ફેરામાંથી મુક્તિ આપાવો
સકળ સંઘને મોક્ષ અપાવો

- *દામજી ચત્રભુજ ઘરમશી* (મુલુન્ડ)




## બે કાર્યક્રમો એક સાથે

૧૫ જુલાઈ ૧૨ના શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જ્ઞાતિ મહાજનની સભાઓ તથા કવિ તેજના સન્માન સમારોહનો કાર્યક્રમ યોજાયેલ. તેજ દિવસે બેંગલોરમાં દક્ષિણ ભારત ક.દ.ઓ. જૈન એકમની વાર્ષિક સામાન્ય સભા પણ યોજાઈ. આમ બે મોટી સંસ્થાઓમાં કાર્યક્રમો એક સાથે થયા એ પરસ્પર સમન્વયની ખામીનો અહેસાસ કરાવે છે. ભવિષ્યમાં આ વાતની પુનરાવૃત્તી ન થાય એ અપેક્ષનીય છે.

*હૈદરાબાદ : ૧૮-૭-૧૨* — *હંસકુમાર રાયચંદ સાયલા*

## સીંગલ વીન્ડો શૈક્ષણિક લોન

સમસ્ત જ્ઞાતિ માટે સીંગલ વીન્ડો શૈક્ષણિક લોન આપવામાં જ્ઞાતિ વિદ્યાર્થીજગતને સરળતા અને સુગમતા કરી આપવા બદલ એ સંસ્થાઓના સર્વે ટ્રસ્ટીઓ અને પદાધિકારીઓને હાર્દિક અભિનંદન.

ઘણીવાર લોન લેવા અહીંતહીં ટૂંકા સમયગાળામાં ભટકવું પડે, સમય, શક્તિ અને ધનનો બચાવ થઈ શકે એવા ઉમદા હેતુથી એક જ છત્ર નીચે સર્વેના અરજીપત્રકો સ્વીકારી તમામનું વ્યવસ્થિત અને સુયોજિત નિકાલ કરવાનું કામ કરવાની યોજના છાત્રો અને વાલીઓને સુવિધાજનક બની રહેશે.

ઉપરાંત ૫૦% થી ઓછા માર્ક આવ્યે પણ અરજદારોને પુરેપુરો ન્યાય મળે એ અર્થે તેમ જ વોકેશનલ કોર્સીસની બાબતને પણ પ્રાધાન્ય અપાયું છે જે ઉલ્લેખનીય અને પ્રશંસનીય છે. કચ્છના વિદ્યાર્થીઓ માટે કચ્છમાં જ ગોઠવણ કરી આપવાના પ્રયાસ પણ થાય છે તે અનુમોદનીય છે.

ગત પાંચ વર્ષના આંકડા, કેટલી અરજી આવી/ કેટલી લોન અપાઈ કેટલી લોન પરત આવી વિગેરે માહિતી જ્ઞાતિ સમક્ષ મૂકાય તો દાતાઓ પણ યોગદાન આપવા આગળ આવશે.

જુનથી ઓગસ્ટ દરમ્યાન સર્વે માહિતી અપાય તો ઉપયોગી બની રહેશે. સંસ્થાના સંપર્ક સૂત્ર, સરનામા, ફોન, ઈમેઈલ વગેરે આપવા. પગારદાર વ્યક્તિ રાખી આ કામને ઝડપી બનાવી શકાય.

સરકારની બેન્કો દ્વારા શૈક્ષણિક સ્કોલરશીપ અને લોન રૂપે મેળવાતી સહાય વિષે પણ માહિતી અપાય તે જરૂરી છે.

*મુલુન્ડ : ૨૪-૭-૧૨* — *-કુલીનકાંત ચાંપશી લુઠીયા*



## મર્મજા મોતી : બે પંક્તિમાં અંકિત કવિ "તેજ"ની અમૃતવાણી

*- સોમ ઘરમશી*

***એડા મ ડીજા દાન કેં કે, એડા ન થીજા દાની***
***જેડા અંધેજી થારી મિંજા, કુત્તા ખણેતા માની ॥***

**ભાવાર્થ :** દાનનાં મહિમાનું વર્ણન કરતાં કવિ કહે છે કે, દાન લેનાર અને આપનાર બન્ને સુપાત્ર હોવા જરૂરી છે. જો દાન લેનાર દાનને સુપાત્ર ન હોય, દાનનો સદ્ઉપયોગ કરવાનું તેમાં સામર્થ્ય ન હોય તો આપેલું દાન એળે જાય છે. કાવ્યાત્મક ઉપમા આપી દ્રષ્ટાંત સહિત કવિ સમજાવે છે કે ચક્ષુહીન માણસની થાળીમાં આપેલા રોટલાનો ટુકડો કુતરા લઈ જાય છે. તેના હાથમાં કાંઈ આવતું નથી તે દાનથી વંચિત રહી જાય છે.

દાન આપનાર પાસે પણ વિવેક બુધ્ધિ હોવી જોઈએ. ગમે તેને પણ દાન ન અપાય. દાનનો મહિમા જળવાઈ રહેવો જોઈએ.

દાન પણ ઘણાં પ્રકારનાં હોય છે. ધનનું દાન, વિદ્યાનું દાન, કન્યાદાન. આ દાન આપવાની પહેલાં દાન પ્રાપ્ત કરનાર પાત્રની ચોક્કસ ખાતરી કે તપાસ કરવી જોઈએ વિદ્યાનું દાન વિનયીને કરાય, કન્યાનું દાન શુરવીર ચારિત્ર્યવાન વ્યક્તિને કરવાથી કન્યાનું જીવન આનંદમંગલ બને છે. "તેજ"નો ટકોરો ભવિષ્યમાં દાન આપતી વખતે આપેલ દાનનો સદઉપયોગ થતો નથી અને એળે જાય છે.

## કાવ્ય-પ્રકાશ : મિચ્છામિ દોકડો

હલો, પેલા પાં મેચ્છામી, દોકડો મંગો,
મન વચન કાયા સે ખમીને ખમો. હલો...
સંબધજા વિખેડા ખેડે ખેડાઇયોં
મન કરે મોકડો મન સેં મનાઈયોં,
વિખ્ખ જેં ડેડેં કે, ફોડે ફોડાઇયોં
બખ્ખ ભરે, હથ્થ જોડે, મથો નમાઘંયોં
ખટ્ટે મન કે (પાં) ખનવારો ભનાઇયો
ચડેલ મોં કે, ખિલ્લી ખેલાઇયું
તું વડો, આંઉ નિંઢો ચેઈ ચોરાઇયું
મન કરે વડો, વડો ભા ભનાઇયું
વિડેલ અખીયું ખોલે ખોલાઇયું
તુટેલ તિડ જો સંધો સંધે સંધાઇયું
કંઢા ચોંઠી ખારજા, ફુલ્લ ઉગાઇયું
પોખ કરે માફીજી જોખ જોખાઈયું
વાટકી ભરે ખીરજો પીને પીરાઈયું
વેર ઝેર વટે **"લહેર"** લખજી લગાઇયું

*- લહેરચંદ વેલજી મૈશેરી* (ભાંડુપ)

| શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન–નલીયા (ટ્રસ્ટ રજી. નં.E૫૬૪ કચ્છ) | | | |
|---|---|---|---|
| આવક-જાવક ખાતું (તા.૧-૪-૧૧ થી તા.૩૧-૩-૨૦૧૨) | | | |
| | જમા | | ઉધાર |
| ૧૫૦૦.૦૦ | ડેલા તથા લાડણપુરાનો ભાડો | ૨૭૩૮૦.૦૦ | રીપેરીંગ ખર્ચ |
| ૧૭૮૩૩૧.૦૦ | બેંક વ્યાજ | ૪૭૬૫.૦૦.૦૦ | વીમા પ્રીમીયમ |
| ૬૩૭૬.૦૦ | વાસણ ભાડો | ૧૭૪૪૭૦.૦૦ | વહીવટ ખર્ચ |
| ૫૬૭૫.૦૦ | ગાદલા ભાડો | ૯૯૩૦.૦૦ | ઓડીટ ફી |
| ૩૫૨.૦૦ | સગપણ લાગા | ૪૦૨૦.૦૦ | ચેરીટી ઓફિસ ફાળો |
| ૨૨૩૫.૦૦ | પરચુરણ આવક | ૭૧૫૬.૦૦ | પરચુરણ ખર્ચ |
| ૮૧૭૮.૦૦ | સાધર્મિકભક્તિ આવક | ૪૩૭૩૮૦.૬૧ | ઘસારા ખર્ચ |
| ૨૭૬૫.૦૦ | આયંબીલ ખાતે ભેટ | ૧૦૪૧૬.૦૦ | સાધર્મિકભક્તિ ખર્ચ |
| ૧૩૮૦૮.૦૦ | સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ભેટ | ૪૫૪૨.૦૦ | આયંબીલ ખર્ચ |
| ૫૬૩૮૪૪.૦૦ | સંઘજમણ આવક | ૩૧૭૩૯.૦૦ | સાધુ-સાધ્વી વૈયાવચ્ચ ખર્ચ |
| ૧૯૧૮૪૦.૦૦ | સાધારણ ખાતે આવક | ૪૪૫૩૯૨.૦૦ | સંઘજમણ ખર્ચ |
| ૬૧૦૨૦૬.૦૦ | ચાતુર્માસ ફંડ ભેટ | ૮૭૩૫૪.૦૦ | સાધારણ ખર્ચ |
| | | ૩૨૭૬૯૮.૦૦ | ચાતુર્માસ ખર્ચ |
| | | ૧૨૮૭૬.૩૯ | ખર્ચથી આવક વધારે |
| **૧૫૮૫૧૧૯.૦૦** | **કુલ** | **૧૫૮૫૧૧૯.૦૦** | **કુલ** |

| પાકું સરવૈયું (તા.૧-૪-૧૧ થી ૩૧-૩-૨૦૧૨) | | | |
|---|---|---|---|
| | જમા | | ઉધાર |
| ૪૭૪૨૪૮.૭૫ | ટ્રસ્ટ ફંડ | ૩૬૫૮૯૧૦.૦૦ | સ્થાવર મિલકત |
| ૫૭૦૫૬૩૭.૧૩ | નુતન ભોજનાલય બિલ્ડીંગ ફંડ | ૨૭૭૫૧૫.૦૦ | ફર્નીચર તથા A/C |
| ૧૩૩૨૧૩૭.૭૩ | અંકિત ખાતા (સ્ટેટમેન્ટ મુજબ) | ૧૬૭૨૨.૦૦ | G.E.B. ડીપોઝીટ |
| ૩૦૦૦૦.૦૦ | દેસરીબાઈની દુકાન ડીપોઝીટ | ૧૮૭૬૪.૦૦ | T.D.S. રીફંડ ખાતું |
| ૫૪૮૩.૫૦ | વડસર મહાજનવાડી ફંડ | ૫૩૦૦૭૫.૦૪ | વ્યાજ વસુલાત ખાતું |
| | | ૧૨૫૦.૦૦ | અરિહંત બેંક શેર |
| | | ૧૫૨૧૫૮૭.૦૦ | સ્ટેટબેંક નલીઆ FDR |
| | | ૧૦૦૦૦૦૦.૦૦ | યુનિયન બેંક મુંબઈ FDR |
| | | ૨૧૫૯૦૦.૩૮ | સ્ટેટબેંક નલીઆ SB |
| | | ૧૪૧૩૩૩.૦૯ | સ્ટેટબેંક મુંબઈ SB |
| | | ૩૪૯૮૪.૦૦ | અરિહંતબેંક મુંબઈ |
| | | ૨૫૭૧૬.૦૦ | પુરાંત રોકડ |
| | | ૧૦૪૭૫૦.૬૦ | મહાજન આવક જાવક ખાતું |
| | | | ગત વર્ષના બાકી ૧૧૭૬૨૬.૯૯ |
| | | | ચાલુ વર્ષનો વધારો(-) ૧૨૮૭૬.૩૯ |
| **૭૫૪૭૫૦૭.૧૧** | **કુલ** | **૭૫૪૭૫૦૭.૧૧** | **કુલ** |

*(નોંધ : તા.૧૯-૮-૨૦૧૨ના વાર્ષિક સામાન્ય સભા રાખેલ છે. મહાજનના સર્વે ભાઈ-બહેનોને પધારવા વિનંતી છે. હિસાબ બાબત કોઈને પણ પુછવું હોય તો **તા.૧૭-૮-૨૦૧૨** સુધી લેખીત જાણ નલીઆ ઓફીસે કરવી જેથી મીટીંગ વખતે તેના જવાબ આપવા સરળતા રહે.)*

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-નલીઆ વતી ટ્રસ્ટીગણ**

## શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ નલીયા (ટ્રસ્ટ રજી નં.E૧૦૫૧ (કચ્છ)

### આવક જાવક ખાતું (તા.૧-૪-૧૧ થી તા.૩૧-૩-૨૦૧૨)

| | જમા | | ઉધાર |
|---|---|---|---|
| ૩૬૮૬૫૭.00 | બેંક વ્યાજ | ૧૮૭૩૫.00 | રીપેરીંગ ખર્ચ |
| ૫૯૩૬૯૪.00 | સદગૃહસ્થોની ભેટ | ૮૩૪૭.00 | વીમા પ્રીમીયમ |
| ૨૧૯૬૮.00 | ઢોર દાખલ ભેટ | ૨૬૮૭૩૪.00 | વહીવટ ખર્ચ (સ્ટેટમેન્ટ મુજબ) |
| ૪૮૫૨.00 | કુતરાના રોટલા, પક્ષીચણ | ૧૯૯૦.00 | લીગલ ખર્ચ |
| ૨૧૭૨૩૧.00 | વસ્તુ ભેટ | ૯૯૩૦.00 | ઓડીટ ફી |
| ૧૦૪૬૦૦.00 | BSNL ટાવર ભાડો | ૭૯૨૫.00 | ચેરીટી ઓફિસ ફાળો |
| ૧૨૪૧૫૪.00 | ઢોર વેંચાણ | ૧૧૫૨૭.00 | પરચુરણ ખર્ચ |
| ૮૪૨૩૫.00 | ખાતર વેંચાણ | ૫૦૯૫.00 | ઘસારા ખર્ચ |
| ૧૧૪૩૪૮.00 | દૂધ વેંચાણ | ૧૨૨૧૯૨.00 | ખેતીવાડી ખર્ચ |
| ૯૫૦૩.00 | ઢોર ભાડો | ૧૬૦૧૨૧૫.00 | પાંજરાપોળ રનીંગ ખર્ચ(સ્ટેટમેન્ટ મુજબ) |
| ૭૦૬૬.00 | પરચુરણ આવક | | |
| ૧૪૦૩૧૧.00 | ખેતીવાડી પેદાશ | | |
| ૨૬૫૦૭૧.00 | આવકથી ખર્ચમાં વધારો (નુકસાન) | | |
| **૨૦૫૫૬૯૦.00** | **કુલ** | **૨૦૫૫૬૯૦.00** | **કુલ** |

### પાકું સરવૈયું (તા.૧-૪-૧૧ થી ૩૧-૩-૨૦૧૨)

| | જમા | | ઉધાર |
|---|---|---|---|
| ૨૧૦૭૯૨.૨૨ | ટ્રસ્ટ ફંડ | ૨૬૨૭૩૭.૧૫ | સ્થાવર મિલકત |
| ૬૬૬૩૭૫૩.૭૩ | ઘાસચારા કાયમી ફંડ | ૧૬૮૩૯.00 | ફર્નીચર તથા A.C. |
| | | ૧૮૨૭૧.00 | મોટર બાઈક ખાતું |
| | | ૧૨૫૦.00 | અરિહંત બેંક શેર |
| | | ૮૫૦૦૦૦.00 | માલ બેલેન્સ |
| | | ૭૮૭૯.૮૩ | પાંજરાપોળ વટાંતર |
| | | ૨૮૦૦૦.00 | એડવાન્સ |
| | | ૪૪૪૦.00 | GEB ડીપોઝીટ |
| | | ૬૬૬.00 | વ્યાજ વસુલાત |
| | | ૧૨૫૩૭.00 | TDS રીફંડ બાકી |
| | | ૫૦૫૦૦૦૦.00 | દેના બેંક FDR નલીયા |
| | | ૧૬૦૪૪૨.૦૩ | દેના બેંક S.B. નલીયા |
| | | ૧૧૬૦૩.૭૮ | SBI SB નલીયા |
| | | ૧૧૨૨૫૫.૫૫ | દેના બેંક SB મુંબઈ |
| | | ૧૫૯૨૪.00 | અરિહંત બેંક SB મુંબઈ |
| | | ૨૮૫૧૦.00 | રોકડ પુરાંત |
| | | ૨૯૩૧૯૦.૬૧ | પાંજરાપોળ આવક-જાવક ખાતું<br>ગત વર્ષના બાકી ૨૮૧૧૯.૬૧<br>ચાલુ વર્ષનો વધારો(+)૨૬૫૦૭૧.00 |
| **૬૮૭૪૫૪૫.૯૫** | **કુલ** | **૬૮૭૪૫૪૫.૯૫** | **કુલ** |

*(નોંધ : તા.૧૯-૮-૨૦૧૨ના વાર્ષિક સામાન્યસભા રાખેલ છે. સર્વે ભાઈ-બહેનોને પધારવા વિનંતી છે. હિસાબ બાબત કોઈને પણ પુછવું હોય તો **તા.૧૭-૮-૨૦૧૨** સુધી લેખીત જાણ નલીઆ ઓફીસે કરવી જેથી મીટીંગ વખતે તેના જવાબ આપવા સરળતા રહે.)*

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરિટેબલ ટ્રસ્ટ - નલીયા વતી ટ્રસ્ટીગણ**

# શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલી

## વાર્ષિક સામાન્ય સભા તા.૪-૮-૨૦૧૨

શ્રી સંઘના સર્વે આજીવન સભ્યોને જણાવવાનું કે શ્રી સંઘની વાર્ષિક સામાન્યસભા **તા.૪-૮-૨૦૧૨**ને શનીવારે રાત્રે ૯ કલાકે શ્રી સુવિધિનાથ જિનાલય, અચલગચ્છ ભવન, માનપાડા રોડ, ડોંબિવલી (પૂર્વ) મધ્યે મળશે. સર્વે આજીવન સભ્યોને સમયસર પધારવા વિનંતિ.

**કાર્યસૂચિ :** ૧) ગતસભાની મીનીટસનું વાંચન અને બહાલી.

૨) વર્ષ ૨૦૧૧-૧૨ના વાર્ષિક આવક-જાવકના ઓડીટેડ હિસાબો અને રીપોર્ટ રજુ કરી બહાલી આપવા.

૩)વર્ષ ૨૦૧૨-૧૩ માટે ઓડીટરની નિમણુંક અને તેનું મહેનતાણું નક્કી કરવા.

૪)શ્રી સંઘ સંચાલિત ભવન/ઉપાશ્રય પ્રાર્થના/સાદડી વગેરે પ્રસંગે વપરાશ માટે આપવા બાબત ચર્ચા.

૫) શ્રી સંઘે કોપર રોડ, ડોંબિવલી (વે) મધ્યે પ્લોટ / બંગલો લીધેલ છે. તે બાબત મંજુરી લેવા તથા આગળની કાર્યવાહી બાબત ચર્ચા.

૬) શ્રી સંઘની વિવિધલક્ષી પ્રવૃત્તિઓ માટે યોગ્ય જગ્યા લેવા બાબત ચર્ચા.

૭) પ્રમુખશ્રીની મંજુરીથી અન્ય બાબત ચર્ચાય તે.

**નોંધ :** કોરમનાં અભાવે મુલત્વી રહેલ સભા અડધા કલાક બાદ એ જ સ્થળે એ જ દિવસે મળશે જેની કાર્યવાહી કાયદેસરની ગણાશે.

**સંઘના વર્ષ ૨૦૧૧-૧૨ના હિસાબો બાબત**

શ્રી સંઘના આજીવન સભ્યોને શ્રી સંઘના વર્ષ ૨૦૧૧-૧૨ ના ચોપડાઓ, આવક-જાવકના હિસાબો તથા ઓડીટ રીપોર્ટ તા.૨૭-૭-૨૦૧૨થી તા.૩-૮-૨૦૧૨ સુધી શ્રી સંઘની પેઢીશ્રી સુવિધિનાથ જિનાલય, અચલગચ્છ ભવન, ડોંબિવલી (પૂર્વ) મધ્યે સવારે ૧૦-૩૦ થી ૧૨ દરમ્યાન સભ્યોને જોવા માટે ખુલ્લા રહેશે આજીવન સભ્યો લેખીતમાં અરજી કરી જોઈ શકશે. ઉપરોક્ત હિસાબોને શ્રી સંઘની તા.૪-૮-૨૦૧૨ની વાર્ષિક સભામાં બહાલી આપવામાં આવશે.

**શ્રી ઠાકરશી કેશવજી ગડા (પ્રમુખ / ટ્રસ્ટી)**

**પ્રવિણ ટોકરશી લોડાયા, મુલચંદ મેઘજી દેઢીયા, ભરત વેરશી જીવાણી (માનદમંત્રીઓ)**

# પાચમી પુણ્યતિથિએ ભાવભીની શ્રધ્ધાંજલિ

જન્મ
તા.૧૬-૬-૧૯૫૩



દેહવિલય
તા.૨૯-૭-૨૦૦૭

**માતુશ્રી ચંદનબેન શાંતિલાલ લાપસિયા**

**(રંગપુર-ઘાટકોપર)**

કોને ખબર છે કાળની, દેહતણી દિવાલની, કાચા સુતરના તારના જેવી છે માનવ જિંદગી, તંત છોડી દે આજથી જાગી, કર હવે બંદગી. જીવ પારકા અર્થે ક્રુર કર્મ કરતો અટકે તોજ આત્માના સાચા સુખને પ્રાપ્ત કરી શકે. અહી પારકું એટલે દેહથી માંડી સર્વ સંબંધો પર છે. આપણા પુણ્યે આપણને સારા સાધનોમાં મૂકી દીધા છે. હવે સાધનનો ઉપયોગ કરી લેવો એ આપણા હાથની વાત છે.

આપશ્રીના જીવન  સત્ધર્મે જે સુસંસ્કારનો પાયો નાખ્યો છે. તેને વર્ણવવા કોઈ શબ્દો જડતા નથી. આપનો આત્મા જયાં વિચરણ કરતો હોય ત્યાંથી અમો પર અમી આશિષ વહાવતા રહો એ જ અભ્યર્થના..

આપશ્રીના કર્તવ્ય સ્નેહાધીન...

**માતુશ્રી ગોમાબેન ટોકરશી શીવજી લાપશિયા પરિવાર**

**માતુશ્રી સોનબાઈ દામજી લખમશી માલદે પરિવાર**

## ઝુકી તો જ્વાયને !

### સંસ્થાકીય મદદ

અમારા ચિ. પરેશ દંડને તા.૨૩-૪-૧૨ના ટ્રેનમાંથી પડી જવાથી પગમાં મોટી ઈજા થયેલ. અમારી પરિસ્થીતિ નબળી હોવાથી મેં ઘણે ઠેકાણે મદદ માંગેલ. તેવી રીતે હું ક.દ.ઓ. મંડળ-ડોંબિવલીમાં પણ ગયેલ. મંડળના શ્રી વિરેન્દ્ર લોડાયા અને હરીશ ખેતશી શિયાલ તથા અન્ય સભ્યો તરફથી સુંદર સાથ અને સહકાર મળેલ. હરીશભાઈએ ડો. વી.એમ. શેટ્ટી હોસ્પીટલમાં દાખલ કરાવી આપેલ અને ખડે પગે હાજર રહી ઓપરેશન કરાવી આપેલ.

તેમજ આ સમયે મદદ કરનાર શ્રી મુંબઈ મહાજનના કાર્યર અરવિંદભાઈ લોડાયા અન્ય રતિલાલભાઈ ધ્રોળ વગેરે તથા નરેન્દ્રભાઈ શિયાલ મારફતે માટુંગા મુર્તિપુજક સંઘના સહ-ફણા પાર્શ્વનાથ દેરાસર, નવજીવન સોસાયટી, આદિનાથ યુવક મંડળ મનોજભાઈ અને વિનોદભાઈએ પણ સુંદર સાથ અને સહકાર આપેલ. સૌનો આભાર.

આમ સંસ્થાકીય મદદ અને કાર્યકરોના સહકારના કારણે. મને ઘણી રાહત મળી. આ બધાની સેવા ભાવના માટે ઝુકી તો જવાને.

***ધીરજલાલ રૂપશી દંડ*** (ડોંબિવલી)


Since 1984...

**Lagna Deep**

બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)



પધારો... અસ્સલ
કચ્છીયતના આંગણે...

રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી,
રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.

(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)

જુના ઘરચોળા લેવામાં આવશે.

Mob.: 7666688881

ગુરૂવાર બંધ


### તક બની તહેવાર !

તા.૧૮-૫ના સૌ. પિન્કી કમલેશ ઘરમશી (જસાપુર)ના ચિ. વિદીતનો જન્મદિવસ હતો. પરિવારે વિચારેલ હેપી બર્થ ડે ધાર્મિક રીતે ઉજવવો, કેક કાપવો નહીં, હોટેલમાં જવું નહીં. વગેરે.

શ્રી મુંબઈ મહાજન અને મસ્જીદબંદરસંઘના પ્રબળ પુણ્યોદયે સા. સંયમગુણાશ્રીજી મ.સા.આ.ઠા.-૩નું ચાતુર્માસ નક્કી થતાં સૌના બત્રીશ કોઠે દિવા પ્રગટ્યા હતા. ચાતુર્માસ જય બોલાવવા મહાજનશ્રીના મોભાને ગરિમા અપાવે તેવા ધબાકે જવું એવો મહાજનશ્રી અને શ્રી સંઘે નિર્ધાર કર્યો હતો.

પુજ્યશ્રી આદીનાથ દેરાસર ભાંડુપમાં બીરાજીત હતા. મસ્જીદબંદર સંઘ જય બોલાવવા આવવાનું હતું. યોગાનુયોગ એ દિવસ જ ચિ. વિદીતનો જન્મદિન હતો.

ઘરમશી પરિવારે સહકુટુંબ દાદાની પૂજા કરી. પૂ.મ.સા.ને વંદના કરી. વાસક્ષેપ લીધો સાથે આવેલ તકને ઝડપી મહાજનશ્રીને વિનંતી કરી કે આજની નવકારશીનો લાભ અમને જ આપો. મહાજને સહર્ષ સહમતી આપી.

શ્રી સંઘે નાનકડા શ્રાવકના ભાલે શતાયુનો તિલક કર્યો. શુભેચ્છાએ ગુલાબનો ગુલદસ્તો આપ્યો.

પૂ. સંયમગુણાશ્રીજીએ આ તકને વધાવતાં સુભાશિર્ષના છાંટણા કરતા ચિ. વિદીતને કહ્યું આજે નવકારશીનો લાભ લીધો. ભવિષ્યમાં સંઘપતિ થઈ સિદ્ધાચલ યાત્રા કરાવજે ભલા. આમ જન્મ દિવસની આવેલ તકને તહેવાર બનાવી સાધર્મિક ભક્તિથી ઉજવતાં ઝૂકી તો જવાય ને?

**– *લહેરચંદ વેલજી મૈશેરી*** (ભાંડુપ)


**K. Dixit**

રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.

કૌશિક રાયચંદ શાહ (પટેલ) – સાંધાણ

982045 7676

417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E), Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in



|| શ્રી આદિનાથાય નમઃ ||

# શ્રી વારાપધર કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન

તથા

# શ્રી વારાપધર જૈન યુવક મંડળ

દ્વારા

## અબડાસાની નૂતન પંચતીર્થ 'વાવાલાપરા' પૈકીના વારાપધર નગરે....

પર્યુષણ મહાપર્વની ઉજવણી પ્રસંગે ૭૦ થી વધુ ગામવાસીઓ
મુંબઈથી તા. ૧૨-૮-૨૦૧૨ ના રોજ પ્રસ્થાન કરશે.
પર્યુષણ પર્વના ૧૦ દિવસ દરમ્યાન દર વરસની જેમ આ વરસે પણ
લગભગ ૧૫૦ થી વધુ ગામવાસીઓ સાથે મળી
પર્યુષણ પર્વ સાથે સાધાર્મિક ભકિત પણ મહાજનના રસોડે કરશે.

### સાધાર્મિક ભકિતના નકરા

| નવકારશી | બપોરનું જમણ | બપોરની ચા | ચોવિહાર |
|---|---|---|---|
| રૂા. ૨૫૦૧/- | રૂા. ૫૦૦૧/- | રૂા. ૧૦૦૧/- | રૂા. ૪૦૦૧/- |

**સંપૂર્ણ દિવસનો નકરો : રૂા. ૧૨,૫૦૧/-**

ઉપરોકત 'મીતી/નકરા' માં આપનો આર્થિક સહયોગ આવશ્કય છે.

### ચૈત્યપરિપાટી : હૈદ્રાબાદ - કુલપાકજી - નવગ્રહ - ચૈતન્યપુરી

**પ્રસ્થાન મુંબઈથી**
શનિવાર, તા. ૧૫-૯-૧૨ રાત્રે ૨૧.૫૦ ક.
હુસેનસાગર એકસપ્રેસ દ્વારા

**આગમન મુંબઈ**
મંગળવાર, તા.૧૮-૯-૧૨, બપોરે ૧૩.૦૫ ક.
હૈદ્રાબાદ એકપ્રેસ દ્વારા

વ્યકિત દિઠ રૂા. ૧૫૦૦/- (નોન રીફંડેબલ) વહેલા તે પહેલાના ધોરણે નોંધાવવા નમ્ર વિનંતી.
નામો નોંધાવવાની છેલ્લી તારીખ : ૨૨-૮-૧૨

**નોંધ :-** હૈદ્રાબાદ ખાતે વસતા આપના વારાપધરવાસીઓને સાથે 'સ્નેહ મિલન'નું ખાસ આયોજન

**યાત્રા પ્રવાસના આર્થિક સહયોગ માટે દાતા આવકાર્ય...**

### ગામધણી વારાપીર એલીયાની પહેડી

**માતુશ્રી પ્રેમીલાબેન સોમચંદ નાગડા હ. ભરત સોમચંદ નાગડાના આર્થિક સહયોગથી...**

**રવિવાર, તા. ૧૩-૧-૨૦૧૩ ના બપોરે ૨.૦૦ કલાકેથી**

સ્થળ : નરશી નાથા એ.સી. સભાગૃહ, અનંતસિદ્ધિ, ભાંડુપ (વેસ્ટ)

વધારે માહિતી માટે સંપર્ક :

| પ્રફુલ કેશવજી નાગડા | કુસુમકાંત કુંવરજી લાલકા | નિલેશ શીવજી મૈશેરી |
|---|---|---|
| 9821325190 | 9323961617 | 9819812785 |

**આજે જ મંડળના આજીવન સભ્ય બની મંડળની પ્રવૃત્તિઓને વેગ આપશો...**

## ક.દ.ઓ. સમાજનું ગૌરવ – વ્યક્તિ વિશેષ : શ્રી નટવરભાઈ રાઘવજી નાગડા (કોઠારા–વડોદરા)

શ્રી નટવરભાઈ ૭૪ વર્ષની ઉંમરે યુવાનોને પણ શરમાવે તેવી છટાથી પૂ.સાધુ-સાધ્વીજી ભગવંતોને અંગ્રેજી ભણાવી રહેલ છે. સમયને સથવારે જગતમાં પરિવર્તન આવતું જ રહ્યું છે. તેમાં પણ ભાષાની બાબતમાં વિચારીએ તો અંગ્રેજી ભાષા આજે ઘરઘરમાં, દરેક વ્યક્તિનાં શબ્દોમાં સ્થાન જમાવતી જાય છે. આજનાં આ વર્તમાનમાં લખતા બોલા. વાંચતા સાંભળતા અંગ્રેજી શબ્દોનો ઉપયોગ વધતો જાય છે. આવા સમયે સંસ્કૃત અને પ્રાકૃત ભણતા સાધુ-સાધ્વીજીઓને પણ અંગ્રેજી શિક્ષણ આવશ્યક થઈ પડયું છે. ત્યારે અંગ્રેજી ભાષાની આરપાર ઉતરેલા ક.દ.ઓ. સમાજનાં નિષ્ણાંત આ પ્રોફેસર છે. જે છેલ્લા ૪૬ વર્ષોથી અંગ્રેજી ભાષાનું સંશોધન USA ની મીશીગન યુનિવર્સીટીમાં કરીને આજે તેમના બહોળા અનુભવ અને ભણાવવાની પોતાની જુદી જ શૈલીથી પૂ.સાધુ-સાધ્વીજીને ભણાવે છે. તેમણે પોતેજ બનાવેલા અંગ્રેજી ફોર્મુલાઓ દ્વારા ભણાવતા જોઈને આજ દિવસ સુધી લગભગ ૮૦૦ સાધુ-સાધ્વીજી તેઓની પાસે અંગ્રેજી ભણ્યા છે અને લગભગ ૩૬ જેટલા અંગ્રેજી પુસ્તકો પ્રકાશિત કર્યા છે.

માત્ર ક.દ.ઓ. સમાજમાંજ નહિં પરંતુ સમસ્ત જૈન સંઘમાં સેવા કોઈ જૈન શ્રાવક હજુ સુધી જોવા મળ્યા નથી કે જે આટલા સંયમીઓને પોતાનાં ઉપાર્જન કરેલ જ્ઞાનની ગંગામાં સ્નાન કરાવે છે. ખરેખર એક સાથે ૧૦૦-૧૦૦ સાધુ-સાધ્વીજીઓની વચ્ચે જ્યારે તેઓ ભણાવતા હોય તે જોવાનો પણ એક લહાવો છે.

આ વખતે પૂજ્યશ્રી ચૌવિહારી છઠ્ઠ કરી સિદ્ધાચલ ગિરિરાજની ૪૬૦ વાર ૭-૭ યાત્રા કરનાર ભિષ્મતપસ્વી પુ. ગચ્છાધિપતિ આ.શ્રી. અરિહંતસિદ્ધસૂરીશ્વરજી મ.સા.નાં શિષ્યરત્ન ગણિવર્ય શ્રી હાર્દિકરત્નવિજયજી મ.સા.ની પ્રેરણા પ્રાપ્ત કરી પાલીતાણા લુણાવા મંગલ ભવન જૈન ધર્મશાળામાં અંગ્રેજી શિક્ષણ શિબિર ચાલુ છે જેમાં પાલીતાણામાં બીરાજમાન તમામ સમુદાયનાં સાધુ-સાધ્વીજીઓ પધારે છે અને તેમની પાસે જ્ઞાન પ્રાપ્ત કરે છે. આ શિબિર ૧૫ ઓગસ્ટ ૧૨ સુધી ચાલશે. ૧૦૦૦ સંયમીઓને ભણાવવાની તેમની ભાવના અતિ શિઘ્ર પરિપૂર્ણ થાય તેવી હાર્દિક શુભકામના. ખુબ ખુબ અભિનંદન.

વિશેષમાં શ્રી નટવરભાઈ પોતાની જ બનાવેલ ફોર્મુલાથી ભણાવે છે કોઈ પણ ચોપડીનો આધાર લીધા વિના સહજતાથી ભણાવવું તે ખુબ કપરૂં કામ છે.

આજે તેમણે સેંકડો શ્રમણોને અંગ્રેજી જ્ઞાન આપ્યું છે. અને આ પ્રવૃતિથી સમયાનુસાર સુધારણા સહ સંપર્ક વધ્યા છે. જે અનુમોદનીય છે.

***પરિચય : પૂ. હાર્દિકરત્નવિજયજી મ.સા.*** (પાલીતાણા)

## પાસ થયા – હાર્દિક અભિનંદન !



**કરણ દિપક લોડાયા**
(મુલુન્ડ)
B.Com. - 82.43%



**કુનાલ રાજેન્દ્ર નાગડા**
(થાણા)
B.Com. - 73.71%



**મયુરી કમલેશ લોડાયા**
(પુના)
SYBBA - 70%



**ભાવિન સુરેશ ડાઘા**
(સીરસી)
B.Com. - 91.66%



**અક્ષતા નિતીન ધરમશી**
(ભાંડુપ)
B.Com. - 80%



**યશ મણીલાલ મોમાયા**
(મુલુન્ડ)
S.S.C. - 76.13%

## આરોગ્ય પ્રકાશ : તીવ્ર ગુસ્સો એ માનસિક બીમારી

*– નવીનચંદ્ર ચાંપશી લોડાયા-૯૮૨૫૨૨૫૫૧૭*

જીવનને યોગ્ય દિશા આપવા અને સારા ભવિષ્યની કોરી ખાતી ચિંતાઓ માનવીને માનસિક રીતે બીમાર બનાવી દીધો છે. સતત બદલાતી જીવનશૈલીને કારણે માનસપટલ પર સતત તણાવ વધતો જાય છે અને લોકો અવનવા રોગોના શિકાર બને છે. ખાસ કરીને બાળકો તેના વધુ શિકાર થાય છે, કેમ કે ભવિષ્યની ચિંતા અને ગળાકાપ હરીફાઈમાં તેઓ પોતાની જાતને નુકશાન કરી બેસે છે. માતા-પિતાનું શિક્ષણ પ્રત્યેનું ઊંચી ટકાવારી લાવવાનું દબાણ અને પરીક્ષાનું ટેન્શન તેને આ બીમારી તરફ ધકેલે છે. નોકરીની તલાશ અને તેમાં નિષ્ફળતા પણ આ બાજુ એટલે કે બાયપોલર તરફ ખેંચી લાવે છે. સ્ત્રીઓ પણ તેમાંથી બાકાત નથી. ટૂંકમાં આ એક એવો રોગ છે જે માનસિકતા સાથે સંકળાયેલો છે અને દરેક લોકો તેનો ભોગ બનતા રહે છે. બાયાપોલર ડિપ્રેશન માનસિક બીમારી છે. તેને નિક ડિપ્રેશન તરીકે પણ ઓળખવાં આવે છે. વ્યક્તિના મૂડમાં, તેના સ્વાભાવમાં અચાનક ફેરફાર આવી જાય છે. હમણાં સુધી બેહદ ગમતી વસ્તુ પ્રત્યે સતત અણગમો થાય છે. તેને બાયપોલર ડિપ્રેશન કહી શકાય. તેમાં મુખ્ય તો ચાર પ્રકારના મૂડ એટલે કે પ્રકાર હોય છે. મેનિયા, હાઈપોમેનિયા, ડિપ્રેશન અને મિક્સ એપિસોડ, ખાસ કરીને ડિપ્રેશન અને મેનિક ફેજ ગંભીર અવસ્થા છે. મેનિક એપિસોડમાં વ્યક્તિ ઘણી હાઈપર રહે છે, કોઈનું સાંભળતી નથી અને મનમાની કર્યા કરે છે. તેના મૂડમાં સતત બદલાવ આવ્યા કરે છે. જ્યારે ડિપ્રેસિવ એપિસોડમાં વ્યક્તિ થાક અનુભવે છે અને એટલે કોઈ જ કામ કરવામાં રસ નથી ધરાવતી. પોતાની જાતને નાપસંદ કરે છે, સતત નિરાશાથી ઘેરાયેલી રહે છે અને મનમાં એક પ્રકારના ડરને સાથે લઈને ચાલે છે. બાઈપોલર ડિસઓર્ડરની સાઈકલ કેટલાક દિવસો, કેટલાંક અઠવાડિયાં અથવા તો કેટલાક મહિનાઓ સુધી ચાલે છે. આ બીમારીથી પીડિત વ્યક્તિના મૂડમાં એટલી તીવ્રતાથી પરિવર્તન આવે છે કે તે કોઈ પણ કામ કરવામાં માટે પોતાને અયોગ્ય સમજે છે. મોટા ભાગનાં બાળકોમાં ડિપ્રેશનની ફરીયાદ રહે છે તો કેટલાંક બાળકોમાં ડિપ્રેસિવ અને મેનિકનાં લક્ષણો જોવા મળે છે. આ લક્ષણો એક પેટર્ન પકડે છે. ટીનએજર્સમાં જલદી અને થોડા થોડા સમયના અંતરે મૂડ સ્વિંગ જોવા મળે છે. એટલે કે તેમનો મૂડ સતત બદલાતો રહે છે.

**કારણો** : આ બીમારીઓ થવા પાછળ કેટલાક કારણો જવાબદાર છે. રાસાયણિક અસમતુલા, ન્યુરોટ્રાન્સમીટર અસમતુલા, થાઈરોઈડ અંતઃસ્ત્રાવનાં ફેરફાર, સ્ટ્રેસ હોર્મોન કાર્ટિસોલનું હાઈલેવલ જેવાં કેટલાંક પરિબળો ભાગ ભજવે છે. જો માતા-પિતામાંથી કોઈ એકને પણ બાઈપોલર ડિસઓર્ડરની ફરિયાદ હોય તો બાળકને પણ આ બીમારી થવાની આશંકા વધી જાય છે. મોસમમાં બદલાવ આ બીમારીઓને અસર કરે છે. મેનિક એપિસોડ ગરમીઓમાં વધારે પ્રમાણમાં વકરે છે, જ્યારે ડિપ્રેસિવ એપિસોડ શિયાળામાં વધારે પ્રમાણમાં જોવા મળે છે. અપુરતી ઉંઘ અને આરામ ન લેવાને કારણે પણ આ બીમારીઓ લાગુ પડે છે.

**શું ઈલાજ કરી શકાય?** : બાઈપોલર ડિસઓર્ડરની શરૂઆત બાળપણમાં અથવા તો કિશોરાવસ્થામાં જોવા મળે છે. જોકે આ બમારી પર ઘણાં સંશોધનો થયા છે. જેનાં કારણે તેનું નિદાન અને ઇલાજ શક્ય બન્યા છે. બાળકો અને ટીનએજર્સમાં આ બીમારીનો ઈલાજ થોડો કઠિન છે અને તેમાં સુધારો આવતાં વધુ સમય લાગે છે. આ બીમારીના સંદર્ભમાં કોઈ અનુભવી સાઈકાઈટ્રિસ્ટનો સંપર્ક કરવો ફાયદાકારક સાબિત થાય છે. આ બીમારી પ્રત્યે બેદરકારી દાખવવાને કારણે કારકિર્દી ઉપરાંત સંબંધો પર અસર તેમજ સ્વાસ્થ્ય પણ કથળે છે. બીમારીને કન્ટ્રોલમાં લાવવા માટે માત્ર મેડિકેશન જ એક માત્ર ઈલાજ નથી તેની સાથે સાથે થેરાપી, લાઈફ જીવન સ્ટાઈલ શૈલીમાં બદલાવ આવે સામાજિક સંસર્ગની પણ ખાસ જરૂર રહે છે. બાયપોલર ડિસઓર્ડર રોગથી ગભરાયા વિના તેના વિશે માહિતી મેળવો અને તેના ઈલાજને અનુસરો, સાજા થવા માટે અન્ય કોઈ મદદ કરે તે પહેલાં વ્યક્તિએ પોતે તમારી મદદ કરવાની રહેશે.

### શું શું કરી શકાય?

- તણાવ આપનારી પરિસ્થિતિઓથી દૂર રહો.
- વ્યવસાય સાથે જોડાયેલી પરિસ્થિતિનો હકારાત્મક રીતે સ્વીકાર કરો.
- પ્રાણાયામ, યોગ, ધ્યાન જેવા સત્રો દૈનિક જીવનમાં સામેલ કરો.
- ભરપૂર ઊંઘ લેવાનું રાખો અને ઊંઘનું સમયપત્રક શક્યતઃ નિયમિત બનાવો.
- આરોગ્યપ્રદ ભોજન/વ્યંજનો આરોગો.
- મિત્રોની સાથે હળો મળો, ખુશ રહો.

# તૃતિય પૂણ્યતિથીએ હૃદયાંજલિ

**વિધીની વક્રતા પણ કેવી...**

**કપાતા કાળજે અને ધ્રૂજતા હાથે દિકરાને સુખડનો હાર પહેરાવવો પડ્યો !!!**

ગોરખડી (હાલાર)



ઘાટકોપર (મુંબઈ)

## શ્રી અજય ગોવિંદજી ખોના

વસમી વિદાય : તા. ૩-૮-૨૦૦૯

*વિદાય તારી વસમી, કરી ગઈ અમારા હૃદય જખમી,*
*વજ્રઘાત લાગ્યો છે એવો, ન કહેવાય તેવો,*
*અવિરત સાંભરશે તારા સ્નેહભર્યા વેણ અને*
*કરી જાશે ભીના અમારા નેણ...*
*આત્મા તમારો સદ્‌ગતિને પામે એજ પરમાત્માને પ્રાર્થના...*

-: શોકાતુર :-

**માતુશ્રી લીલાવંતીબેન ગોવિંદજી ખોના પરિવાર**

**માતુશ્રી સોનબાઈ રાયચંદ ખોના પરિવાર**

**Deep Plastics ● Vidhi Tailor**

**Cost 2 Cost ● Sagar Transport Services**

**M.D. Shipping Agency**

## દવાઓ : ઊંચા ભાવ / યોગ્ય ભાવ

- ધર્મેન્દ્ર રતિલાલ નાગડા (માટુંગા) ફોન-9769648863

આજની જીવનશૈલીનાં લીધે દવાઓનો વપરાશ વધી ગયો છે. અન્ય ચીજોની મોંઘવારી સાથે સાથે જીવનજરૂરી દવાઓની કિંમત વધતાં આમ આદમી વધારે ભિડાઈ રહ્યો છે. આ સંજોગોમાં દવા ઉદ્યોગ તથા વૈદકિય જગતના નબીરાઓ સાથે મારો ચાર દાયકાનો સંપર્ક અને અનુભવોના લીધે અત્રે અમુક બાબતો ઉપર હું પ્રકાશ પાડવાનો પ્રયત્ન કરું છું :

૧) એક જ મૂળભૂત તત્વોની દવા જુદા જુદા બ્રાન્ડ નામ સાથે વેંચાય છે એમાં ભાવમાં ખૂબજ ફરક છે. કોઈ પણ દવાના રસાયણિક નામને જેનરીક Generic નામ કહેવાય, જ્યારે એ રસાયણિક નામ ઉપર જુદી જુદી કંપનીઓના પોતાના નામ લાગે તેને બ્રાન્ડેડ ઔષધ કહેવાય. દા.ત. ગ્લુકો બિસ્કિટ જેનરીક નામ કહેવાય ત્યારે પાર્લેજી બ્રાન્ડેડ કહેવાય. તેવી જ રીતે પેરાસિટામોલ ટેબ્લેટ જેનરીક નામ કહેવાય જ્યારે ક્રોસીન બ્રાન્ડેડ નામ કહેવાય. આવી રીતે પેરાસિટામોલ નામની આશરે ૫૦ જેટલી બ્રાન્ડ અલગ અલગ કિંમતે બજારમાં મળે છે.

૨) દેશી કંપની દ્વારા બનતી દવા કરતાં આંતરરાષ્ટ્રીય કંપની એજ દવા લગભગ ૩૩ ગણા વધારે ભાવે વેચતી હોવાનું તાજેતરમાં જાણવામાં આવ્યું છે. NATCO કંપની જે આપણી દેશી કંપની છે તે કેન્સરની એક દવા રૂા.૩૩૦૦ માં વેંચે છે જ્યારે એજ દવા બહુરાષ્ટ્રીય એટલે કે મલ્ટીનેશનલ કંપની એ દવા ૧ લાખ રૂપિયામાં વેંચે છે. (આ બીના સુપ્રસિધ્ધ અખબારોમાં એપ્રિલ ૨૦૧૨માં છપાઈ હતી) હમણાં જ થોડા સમય પહેલાં ટી.વી. પર "સત્યમેવ જયતે"નાં કાર્યક્રમમાં એક જ દવા જુદી જુદી કંપનીઓ દ્વારા જુદા જુદા ભાવે બ્રાન્ડ નામથી કેટલી મોંઘી વેંચાય છે તે જાણવાની તક મળી.

૩) આપણી ઘણી બધી દેશી કંપનીઓ બહોળા પ્રમાણમાં જેનરીક નામે દવાઓ બનાવી વ્યાજબી ભાવે એક્સપોર્ટ કરે છે. તેજ દવાઓ બહુરાષ્ટ્રીય કંપનીઓ ખરીદીને તેના પર પોતાના બ્રાન્ડ નામ લગાડી, આકર્ષક પેકીંગ કરી બજારમાં જોરદાર વધારે ભાવે વેંચે છે.

ઘણી દેશી તથા મલ્ટીનેશનલ મોટી મોટી કંપનીઓ ટેન્ડરમાં તથા જથ્થાબંધ વેપારમાં ૨૫% ભાવે પણ એજ દવા વેંચે છે જેની ગુણવત્તા ઊંચી જ હોય છે કોઈ ફરક હોતો નથી.

આપણા દેશમાં જે કોઈ પણ દવા ઉત્પન્ન થાય છે તેને આપણા દેશના ફાર્મોકોપીયાના IP ધારાધોરણમાંથી પસાર થઈને જ બજારમાં વેંચાવા હાજર થવાનું હોય છે એટલે અહીં એક વાતની નોંધ કરી લઉં કે B.P. બ્રિટિશ દેશના અને આપણા ઈન્ડિયાના I.P. ધારાધોરણ સરખા જ છે V.S.P. ના સ્ટાન્ડર્ડ I.P. અને B.P. કરતાં ઊતરતી કક્ષાના છે.

દવાઉદ્યોગના અભ્યાસી તરીકે હું જણાવી શકું કે બાયો-અવેલીબિલીટી, બાયો-ઈક્વીવેલેન્સ, સુપિરિયર ફાર્માકોડાયના મીક્સ અને આકર્ષક પેકીંગ વગેરે તથા ડોક્ટરોને ભેટ સ્વરૂપે કંઈક પકડાવીને એમનાં ભલામણ પ્રિસ્ક્રિપશન લખાવવામાં વેંચાણમાં મોટા પ્રમાણમાં વેંચાણ કરવામાં મોટી કંપનીઓ સફળ થાય છે!!!

આવા કપરા સંજોગોમાં જ્યારે બે છેડા ભેગા કરવા મુશ્કેલ છે ત્યારે આનો કોઈ યોગ્ય પર્યાય ખરો? હા, છેઃ

a) તમારા ડોક્ટરને દવા કે સર્જરી કરાવવા બાબત તમારી આર્થિક ક્ષમતા વિશે ખુલ્લા દિલથી જણાવો.

b) ડોક્ટરને સારી ગુણવત્તાની પણ સાથે વ્યાજબી ભાવની દવા લખી આપવા વિનંતી કરો.

c) હઠીલા રોગો જેવા કે ટી.બી. હાઈ બી.પી. ડાયાબિટિશ, કેન્સર સાંધાઓના દુઃખાવા વિગેરેની દવાઓ માટે તમારા ફેમીલી ડોક્ટરને વૈકલ્પિક જેનેરીક દવાનું પ્રીસ્ક્રીપશન લખી આપવા વિનંતી કરો જેથી સારા એવા પૈસા બચાવી શકશો.

d) તમારા કેમિસ્ટની સાથે મિત્રતા કેળવી તેમની સલાહ લ્યો.

e) ઘણી સરકારી હોસ્પિટલોમાં મોટા ડિસ્કાઉન્ટ સાથે દવા મળે છે.

f) મોટી કંપનીના પેકિંગ તથા નામમાં અંજાઈને દવા લેતાં પહેલાં વિચારજો જેમકે મલ્ટીપ્લેક્સ થિયેટરમાં કે સિંગલ સ્કીનમાં ફિલ્મ તો એજ હોય છે પણ ફરક છે, આપણી માનસિકતામાં.

g) ટૂંક સમયમાં ભારત સરકાર તરફથી S.M.S. સેવા દ્વારા વ્યાજબી ભાવની પર્યાયી દવા જણાવવાનું આયોજન કરવામાં આવનાર છે તો આ સુવિધાનો આપણે સૌ લાભ લઈએ એમાં આપણું હિત છે.

શુભેચ્છા સહ...
શ્રી ઉત્તમચંદ કલ્યાણજી ખોના (કોઠારા)
UKKHIMJI & CO.
144, Vasant Market Yard, 4th Lane,
Sangli MH - 416 416 Tel. 2670910/2322057

## જીવનસાથીની પસંદગી

*– લેખિકા : અવંતિકા ગુણવંત*

કુલીને અર્પિતાને સૌથી પ્રથમ એક સંગીત સમારંભમાં જોઈ, જોઈ એવી જ એને અર્પિતા ગમી ગઈ. કુલીન એન્જિનિયર હતો. પાંત્રીસ વરસનો હતો છતાં હજી લગ્ન કર્યા ન હતા.

એને પોતાનું કારખાનું હતું. કામધંધામાંથી જે સમય બચે એ સંગીતસાધનામાં ગાળતો હતો. તે એક ઉસ્તાદ પાસે સંગીતની તાલીમ લેતો હતો. સંગીતના કાર્યક્રમોમાં એ અચૂક જતો. એક કાર્યક્રમમાં એ અને અર્પિતા મળી ગયાં. બેઉ એકબીજા પ્રત્યે આકર્ષાયાં. વગર કહે બેઉને એકબીજાના પ્રેમનો અહેસાસ થયો. ખાતરી થઈ. બેઉ વારંવાર મળવા માંડ્યાં.

સમય પસાર, થતો ગયો. કુલીને લગ્નની વાત ના ઉચ્ચારી તો અર્પિતાએ જ લગ્નનો પ્રસ્તાવ મૂક્યો.

કુલીન બોલ્યો, "આપણે નિર્ણય લઈએ એ પહેલાં તમે એકવાર મારા ઘેર આવો. ઘર જુઓ."

"ઘરને શું જોવાનું ? મેં તો તમને જોયા છે ને મારા હૈયાએ કબૂલ કર્યા છે. હવે વધારે વિચાર કરવાની કે તમારું ઘર જોવાની જરૂર નથી લાગતી."

"પણ હું જેમની સાથે રહું છું તેમને એકવાર તમે જુઓ, મળો."

"એ બધાંને શું કામ મળવાનું? રહેવાનું તો આપણે બંનેને છે."

"મારી સાથે મારં એ સગાં આવી જાય છે. તેઓ આજીવન મારી સાથે મારા ઘર સાથે જોડાયેલાં છે." મક્કમતાથી કુલીને કહ્યું.

"આમાં કોઈ નવી વાત નથી. જેઓ તમારી સાથે જોડાયેલાં છે. એ બધાં મારી સાથે જોડાશે. પતિનાં સગાં આપોઆપ પત્નીનાં સગાં બને છે. ભારતીય છોકરીને આ બધું કહેવાનું ન હોય." અર્પિતાએ સ્પષ્ટતા કરી.

"છતાં તમે ઉતાવળ ન કરો, આદર્શમાં ખેંચાઓ નહીં."

"મારા ઘરમાં મારી સાથે મારાં વૃદ્ધ નાનીમા, મારા મામા અને મારી બા રહે છે. નાનીમા બાણું વરસનાં છે, લગભગ પથારીમાં છે. એમના માટે ખાસ એક બાઈ રાખી છે, જે એમનું બધું કામ કરે છે. માટે એમની વિશેષ કોઈ જવાબદારી મારા માથે નથી પણ મામા અસ્થિર મગજના છે. એ બોલવા માંડે તો બોલવા જ માંડે, ભાષણો જ કરે અને ચુપ થઈ જાય તો દિવસો સુધી એક અક્ષરે બોલે નહીં. એક જ જગ્યાએ બેસી રહે. ખાય નહીં. પીએ નહીં, અને મારાં બાના જીવનાં એવા આઘાત આવી ગયા છે કે એમનું મન સાવ દુર્બળ બની ગયું છે. કોઈ અજ્ઞાત ભયથી એ સતત ફફડતાં રહે છે. બારી કે બારણું જોરથી અથડાય, ડોરબેલ વાગે કે ટેલિફોનની રિંગ વાગે તોય થરથર ધ્રૂજે. કોઈ એમને મારવાનું હોય એમ શરીર સંકોચીને એક ખૂણામાં ભરાઈ જાય. એમને સતત આશ્વાસન અને હૂંફની જરૂર પડે છે. કોઈ વાર ધંધાકીય કામ વધારે હોય અને એમની સાથે એમને સંતોષ થાય ત્યાં સુધી બેસું નહીં તો એમને ઓછું આવી જાય ને રડવા માંડે. એક વાર એ રડવા માંડે તો કલાકો સુધી રડ્યા જ કરે. એમને છાનાં રાખવાં ભારે પડી જાય." કહેતાં કહેતાં કુલીન ગળગળો થઈ ગયો.

"તમારા સિવાય આ બધાંને સંભાળનાર બીજું કોઈ નથી?" અર્પિતાએ પૂછ્યું.

"ના, મારે કોઈ ભાઈબહેન નથી. હું એકનો એક છું. હું અગિયાર વરસનો હતો ત્યારે મિલકતના ઝઘડામાં અંદરોઅંદરનાં સગાંએ જ મારા બાપુજીને ઝેર આપ્યું ને બાપુજી તત્કાળ મૃત્યુ પામ્યા. ત્યારે અમારો જીવ જોખમમાં હતો. આ બધું બર્મામાં બન્યું. ત્યાં લાખો રૂપિયાની મિલકત રહેવા દઈને થોડુંક જવેરાત જે હાથવેંત હતું તે લઈને બા મને લઈને ત્યાંથી ભાગી. કોને ખબર એનામાં ક્યાંથી એટલી હિંમત અને હૈયા ઉકલત આવ્યાં? અમે મારા મોસાળ ભાવનગર પહોંચ્યાં. નાનાજીએ અમને સાચવ્યાં. પણ સ્થિરતા કે શાંતિ અમારા નસીબમાં લખાયાં ન હતાં. પાંચેક વરસ પછી મારા નાનાજીનું હાર્ટફેલ થયું. એ વરસે મેં મેટ્રિકની પરીક્ષા આપી હતી. મારા મામા મદ્રાસ સેટલ થયા હતા. મામા નાનીમા, મને અને મારી બાને મદ્રાસ લઈ ગયાં. મામા-મામીનો સ્વભાવ ખૂબ પ્રેમાળ હતો. અમે ત્યાં બરાબર ગોઠવાઈ ગયાં. પણ નિરાંતનો શ્વાસ લીધો ના લીધો ને ત્રીજા જ વરસે એક મોટર અકસ્માતમાં મામાનો એકનો એક પચ્ચીસ વરસનો દીકરો મૃત્યુ પામ્યો. દીકરા પાછળ રડી રડીને મામી પણ ગયાં. આઘાતથી મામાનું મગજ સમતોલપણું ગુમાવી બેઠું.

મારી બાએ હબક ખાઈ ગઈ કે અમે એવાં તે શાં પાપ કર્યા છે કે જ્યાં જઈએ છીએ ત્યાંનું સુખ નષ્ટ થઈ જાય છે ને વિપદા આવે છે. આમ, આક્રોશ ને કલ્પાંતમાં બાનું હૃદય, મન સાવ નિર્બળ થઈ ગયાં."

વાત સાંભળતાં સાંભળતાં અર્પિતાની આંખમાં આંસુ આવી ગયાં. એ કંઈ બોલી શકી નહીં. સહેજ વાર અટકીને કુલીન બોલ્યો, "મોતને વારંવાર આવા બિહામણાં સ્વરૂપમાં જોવાથી હુંય થોડો નિરાશાવાદી થઈ ગયો છું.

મારું બાળપણ ભયમાં જ વીત્યું છે. બા મને નજર આગળથી દૂર જવા દેતી નહીં. નિશાળે જાતે તેડવા-મૂકવા આવતી સરખેસરખા મિત્રો સાથે રમવા જવા દેતી નહીં. પિકનિક કે પ્રવાસે જવા દેતી નહીં. અને કોઈની પર ભરોસો રહ્યો ન હતો. મને કોઈના ત્યાં જવા દેતી નહીં. વાતે વાતે એ શંકા કરતી. બધાંને વહેમથી જોતી. ક્યારેક તો દેખીતું કોઈ કારણ ના હોય છતાં એના મનમાં શું ભાવ જાગે કે મને છાતીસરસો દાબીને રડ્યા કરે. રાત્રે હું ઊંઘતો હોઉં ત્યારે હજુય એ આવીને મારા મોંએ, માથે હાથ ફેરવે છે. ક્યારેક લાગણીથી. હું માત્ર એટલું જ કહું કે શું કરવા વારંવાર ઊઠીને આવો છો? શાંતિથી સૂઈ જાઓને, તોય એ રડી પડે.

સતત ભય અને ડરમાં એ જીવે છે. કંઈ ખરાબ બનશે તો એની દહેશતમાં એ ચેનથી જીવતાં નથી."

"તમારા બા માટે બહુ લાગણી થાય છે. એમને કેટકેટલું વેઠવું પડ્યું?

"હા, એટલે જ એમનું દિલ જરાય દુભાય એ હું ના સહી શકું. મારી બાને હું વધારે દુઃખી કરવા નથી માંગતો. વળી, મામાનીય કાળજી લેવાની છે, નાનીમાનુંય ધ્યાન રાખવાનું, મારી આટલી બધી જવાબદારીમાં સાથ આપે એવું પાત્ર ક્યાંથી મળે?"

"કેમ ના મળે?" અર્પિતાએ પૂછ્યું.

"તમે જાણો છો મારી માને સાચવવી એટલે શું? એમના મનમાં એક વાત આવે એ રીતે જ થવું જોઈએ. એમને સમય કે સ્થળનું ભાન રહેતું નથી. સામા માણસને પોતાની અલગ જિંદગી હોય. વિચારો હોય. ગમતું ના ગમતું હોય. અગવડ હોય એવું એવું કશું એ સમજી શકતાં નથી. એવું સમજવાની શક્તિ જ એ ગુમાવી બેઠાં છે. એમને સાચવવા કેટલી ધીરજ અને સંયમ જોઈએ. એમને શાંતિ આપવા રોજ કલાકો સુધી હું એમની પાસે એમને પંપાળતો બેસી રહું છું. કઈ પત્ની આ બધું ચલાવી લે? અને આ બે-ચાર દિવસ માટે નથી. આ સેવા તો એ જીવે ત્યાં સુધી કરવાની છે. અને બદલામાં મારી પત્ની થઈને આવનાર સ્ત્રી શું પામે?"

"કેમ આમ બોલો છો? તમારી કસોટીરૂપ આવા આકરા કામમાં એ સાથ આપે તો એને તમારો અનહદ પ્રેમ મળે. દુઃખમાં જ પતિ-પત્ની એકબીજાની વધારે નજીક આવી શકે છે. દુઃખમાં સહભાગી થવામાં મનને જે સંતોષ મળે છે એ અમૂલ્ય છે. જેને ચાહતા હો એના દુઃખનો ભાર હળવો કરવામાં તો સાર્થકતા લાગે." અર્પિતા ભાવથી બોલી.

"ઓહ આવું બધું તમે આધુનિક સ્ત્રી વિચારી શકો છો?" નવાઈ પામતો કુલીન બોલ્યો.

"આધુનિક સ્ત્રીને તમે શું સમજો છો? શું એને હૃદય નથી હોતું? ભાવના કે આદર્શ નથી હોતાં?"

"સોરી, પણ મારી જનરલ છાપ એવી છે કે આધુનિક સ્ત્રી સ્વકેન્દ્રી હોય છે, તે પોતાનાં સુખસગવડનો, વિકાસનો, એશઆરામનો જ વિચાર કરે છે. બીજાના ખાતર કંઈક સહન કરવું. ભોગ આપવો કે ત્યાગ કરવો એમાં એ માનતી નથી. યુવતીઓ જ નહીં યુવકો પણ આવી જ વિચારસરણી ધરાવે છે. આ જમાનો જ નફા નુકસાનની ગણતરીનો છે.

ત્યાં મારી સાથે ખોટનો ધંધો કરવા કોણ કબૂલ થાય? ત્યાગના પંથે સાથી બનવાનું આમંત્રણ મારાથી કોને અપાય?" બોલતાં બોલતાં કુલીન અટક્યો, એટલે અર્પિતા બોલી, "કહેવાનું હતું એટલું કહી દીધું તમે?" અર્પિતાના બોલવામાં જાણે અધિકાર હતો.

"હા."

"તો હવે મારી વાત સાંભળો, તમે કહો છો એ અમુક અંશે સાચું છે. માણસનાં જીવનમૂલ્યો, આદર્શો, ભાવનાઓ બદલાયાં છે. માણસ પોતાનાં અંગત સુખનો વિચાર પહેલાં કરે એ સ્વાભાવિક છે. પણ સુખની વ્યાખ્યા માણસે માણસે જુદી હોય છે. મને પોતાને ભૌતિક ભોગવિલાસ કે રંગરાગ કરતાં પતિનો પ્રેમ પામવામાં વધારે સુખ લાગે છે. પતિનાં સુખદુઃખમાં ભાગીદાર થવામાં જે ઐક્ય અનુભવાય એમાં જ જીવનની ધન્યતા લાગે છે. હું પ્રેમની શોધમાં છું. હું ઈચ્છું છું એવો પ્રેમ તમારી પાસેથી જ મને મળી શકે. તમને તમારાં સગાંઓ સાથે હું મારા જીવનમાં આવકારું છું. તમારી બધી જવાબદારીઓ મારી છે."

કુલીન આશ્ચર્યચકિત થઈને સાંભળી રહ્યો. બોલ્યો, "છતાં પણ હું તમને વિનંતી કરું છું. કોઈ પણ આવેશ કે આવેગમાં નિર્ણય ના લો. તમે મારા ઘેર આવો. સાથે તમારાં વડીલોને પણ લાવો."

અર્પિતા એનાં બા-બાપુજીને લઈને કુલીનના ઘેર ગઈ. ત્યાં નાનીમા, મામા અને બાને જોયાં. એમને જોઈ એને પોતાપણાની લાગણીથી આવી. બોલી : "હવે તો તમારી સાથે લગ્ન કરવાની મારી ઈચ્છા વધારે પ્રબળ થઈ છે."

અર્પિતાનાં માબાપને પણ કુલીનની સજજનતા, ખાનદાની, ગંભીરતા અને પ્રેમ સ્પર્શી ગયાં. તેમણે સંમતિ આપી અને બેઉ પરણી ગયાં.

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## મહારાષ્ટ્ર એકમની સાંગલીમાં સભા

શ્રી ક.દ.ઓ. જૈન મહારાષ્ટ્ર એકમની કારોબારી કમીટીની મિટીંગ સાંગલીમાં તા.૧૭-૬-૧૨ના શ્રી કચ્છી જૈન ભવનમાં મળી. મીટીંગનું પ્રમુખસ્થાન શ્રી તિલોકચંદભાઈ દંડે સંભાળેલ.

તા.૧૬-૬-૧૨ના સાંગલી મહાજનના આમંત્રણે પધારેલ મહારાષ્ટ્ર એકમના સર્વે પદાધિકારીઓ, કારોબારી સભ્યો, મહિલા મંચના સભ્યો અને કરાડ, મસુર, મિરજ, ઈચલકરંજી, અહમદનગર આદી સ્થાનેથી પધારેલ સભ્યોએ કુંભોજગિરી તીર્થ, શ્રીમંધરસ્વામી શિરોલી તીર્થ, ગોકુલ શિરગાંવ કલશતીર્થ, જયસીંગપુર આદી તીર્થોની યાત્રા કરી. બાર્શી, સોલાપુર, પુના આદિ પશ્ચિમ મહારાષ્ટ્રના ગામોને પણ આમંત્રણ આપેલ. આષાઢી બીજના કાર્યક્રમો અગાઉથી નક્કી હતા તેથી અમુકજણાં આવી શક્યા ન હતા.

તા.૧૭-૬-૧૨ના કારોબારી કમીટીની મિટીંગ બપોરે જમીને ૧.૩૦ કલાકે શરૂ થયેલ. સવારના સાંગલીના દેરાસરો તથા ગણેશ મંદિરના દર્શન કર્યા.

આ બેઠકમાં કારોબારી ૨૮ સભ્યો તથા મહિલા મંચના સભ્યો તથા સાંગલી, કરાડ, મસુર, મિરજ, ઈચલકરંજીના સભ્યો અને મહિલાઓએ ભાગ લીધેલ. સાંગલી મહાજનના પ્રમુખશ્રી પ્રવીણભાઈ રામજી લોડાયાએ પધારેલ મહેમાનોનું સ્વાગત કરેલ. મહાજનવતીથી એકમના પદાધિકારીઓનું શાલ, શ્રીફળ, બુકેથી સન્માન કરવામાં આવેલ. માનદમંત્રી શ્રી દિપકભાઈ પોલડીઆએ વાર્ષિક અહેવાલ રજુ કરેલ. ખજાનચી શ્રી ઉત્તમ દેવશી દંડે શૈક્ષણીક સહાય તથા સાર્ધમિક સહાય ખર્ચની વિગતો અને હિસાબો રજુ કરેલ. દિપકભાઈ પોલડીયાએ સર્વેને પોતપોતાના મંતવ્યો રજુ કરવા જણાવેલ.

શિક્ષણ સહાયતા લોન વિષયે શ્રી મનીષ લોડાયા (ચાલીસગામ) એકમમાં શિક્ષણ સહાયતા ફંડ આજના શૈક્ષણિક ખર્ચ સામે ઓછી રકમનું છે જે વધારવા રજુઆત કરેલ અને પોતાના પરિવાર તરફથી સામેથી શૈક્ષણીક સહાય ફંડમાં રૂા.૨૫,૦૦૦/- અનુદાન જાહેર કરેલ જેને તાળીઓથી વધાવી લીધેલ. શ્રી ઉત્તમભાઈ કલ્યાણજી ખોના (કોઠારા-સાંગલી) પરિવારે એકમ સાધર્મિક સહાય ફંડમાં રૂા.૧,૧૫,૦૦૦/-ના અનુદાનની જાહેરાત કરી. એકમની પ્રવૃતિઓ વિકસાવવા ઉદાર યોગદાનની અપીલ થઈ. ઔરંગાબાદના શ્રી વિનોદભાઈએ સહુને શૈક્ષણીક સાથે ધાર્મિક વિષય પણ એટલોજ મહત્વનો છે તે સમજાવ્યું. પુ.સા.શ્રી જયદર્શિતાજી પ્રેરીત ધાર્મિક અભ્યાસ અભિયાન જૈનોલોજી વિષે માહિતી આપી. આ અભ્યાસક્રમમાં જોડાવવા અપીલ કરી. એકમ મહિલા મંચના સેક્રેટરી સૌ. પ્રતિભાબેને મહિલામંચ વિષે અહેવાલ આપેલ. સૌ. ભારતીબેન દંડે એકમ અંતર્ગત વિવિધ ગામના મહિલામંચોને સક્રિય થઈ ગામેગામ મહિલા સશક્તિકરણ અને સમાજમાં મહિલાશકિતનું મહત્વનું યોગદાન સંમ્મિલિત કરી ગૌરવ વધારવા આહવાન કરેલ.

એ રીતે યુવામંચમાં આવેલ નિરૂત્સાહને ખંખેરી નવા જોશ, સંકલ્પના અને ભાઈચારો સાથે આગળ આવવા આહવાન કરેલ. એકમની અપીલને સાંગલી મહાજન અને મહિલામંચ સક્રિય થઈ વધુ સંખ્યામાં સહભાગી થશે તેવી બાંહેધરી આપી હતી. ચાલીસગામથી પધારેલ શ્રી દેવજીભાઈ (ઉ.વ.૮૨) એ કુંભોજગિરી યાત્રા પગપાળી કરીને યુવાઓને પ્રબળ ઈચ્છાશક્તિની પ્રેરણા આપી હતી. તેમણે માત્ર ભેગા થઈ ખાઈ-પી છુટા પડવા નહીં પણ હવે સમાજનું નક્કર કાર્ય કરી બતાવીએ.




**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**



Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia), Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092. Tel. : 2893 6173 / 2890 4500

કુ. મયુરી રમેશ શિયાળનું Bio Tech ડીગ્રીમાં યુનીવરસીટીમાં પ્રથમ શ્રેણીએ પાસ થઈ ગોલ્ડ મેડલ મેળવવા બદલ બહુમાન કરી પુરસ્કાર અપાયેલ.

એકમ અધ્યક્ષ શ્રી તિલોકચંદભાઈએ આવેલ. વિચારો પર વિચારણ કરી નક્કર કાર્યો કરવા નિર્ણય લેવાશે અને સર્વે મહાજનો સામે તેની રુપરેખા મુકાશે. શૈક્ષણિક લોન માટે એક યોજનાને આખરી રૂપ અપાઈ રહ્યું છે. જે અમલમાં આવતાં શૈક્ષણિક સહાયલોન ઘણી સમસ્યા હળવી થશે.

યુવા વર્ગ અને મહિલામંચને આગળ આવી સમાજલક્ષી કાર્ય કરવા માટે પ્રોત્સાહિત કરી અને એકમ તરફથી બનતી સહાય કરવાની તત્પરતા દર્શાવી.

બે દિવસની સમગ્ર વ્યવસ્થામાં સર્વશ્રી શરદ ખોના, મિલન લોડાયા સાથે મહાજનના સર્વે કાર્યકર ભાઈ-બહેનોએ જહેમત લીધી. આભાર વિધિ બાદ બેઠક પુર્ણ થઈ.

### એક વધુ “કચ્છશક્તિ” એવોર્ડ જ્ઞાતિને ફાળે

વર્ષ ૨૦૧૨ના “કચ્છશક્તિ” રાષ્ટ્રીય એવોર્ડના માનકરીઓમાં એક વધુ જ્ઞાતિજનનું નામ છે તે પણ મહિલાશક્તિને ફાળે જાય છે ત્યારે વિશેષ આનંદ અને ગૌરવ થાય છે.

આ પ્રતિભાશાળી નામ છે સૌ. ફાલ્ગની હીરેન નાગડા (નલીયા-અમદાવાદ) તેઓ M.A. (Psycology) થયા છે અને ૧૯૮૮થી અમદાવાદ દુરદર્શનના ન્યુઝરીડર તરીકે સેવા પ્રદાન કરી છે. વિવિધ જાહેર કાર્યક્રમોના કુશળ સંચાલિકા છે. તેમણે વડાપ્રધાન, નાયબ વડાપ્રધાન અને રાષ્ટ્રૃતિ જેવા અગ્રણી મહાનુભાવોના કાર્યક્રમોનું સફળ સૂત્ર સંચાલન કરેલ છે. આ ઉપરાંત લોકનૃત્ય, ગીતો અને રાસ-ગરબા આદિ સાંસ્કૃતિક કાર્યક્રમોની કોરીયોગ્રાફી કરે છે. તેમણે વિદેશમાં પણ ભારતીય સંસ્કૃતિ કાર્યક્રમોનો પ્રસાર કરવા ૧૫ વર્ષથી મહત્વનું યોગદાન આપ્યું છે.

આવા પ્રતિભાવંત જ્ઞાતિ મહિલાવિશેષને હાર્દિક અભિનંદન.

### શ્રી કચ્છી જૈન સેવા સમાજ-અમદાવાદ દ્વારા વૃક્ષારોપણ અભિયાન

ઔદ્યોગિક વિકાસ અને અન્ય પ્રદુષણના કારણે વાતાવરણમાં “કાર્બન ડાયોક્સાઈડ” વધતું જાય છે. પર્યાવરણ પ્રદુષણના કારણે જીવન જોખમાય છે.

આ સમસ્યાના ઉકેલ, વધુ વૃક્ષો વાવીને ઉછેર કરવાનો છે. સેવા સમાજ તેના સુવર્ણજયંતી વર્ષમાં વધુ વૃક્ષારોપણ અભિયાન આદરવા અપીલ કરે છે. માદરે વતન વૃક્ષારોપણ કરવા ઝુંબેશ ઉપાડી છે.

જાહેર રસ્તાની બંને બાજુએ, સ્કૂલના કમ્પાઉન્ડ ફરતે, દેરાસરો-મંદિરો આસપાસ, ગામના તળાવોની ફરતે, પાંજરાપોળની જમીનમાં કે ખાનગી જમીનમાં પણ વૃક્ષારોપણ કરવા અનુરોધ છે.

વૃક્ષ વાવીને તેનું જતન કરી, તેના રક્ષણાર્થે પિંજરા સહ ઉછેર ખર્ચ અંદાજે રૂા.૨૦૦૦ વૃક્ષદીઠ આવી શકે છે. દરેક સંસ્થા દાતાના સહયોગે ૨૦ ફૂટ × ૨૦ ફૂટના અંતરે વૃક્ષો વાવી ફેન્સીંગ કરી તેને ઉછેરીએ તો સારું પરીણામ મળી શકે.આ રીતે એક એકર જમીનમાં ૧૨૫ વૃક્ષોની વૃક્ષ-વાટીકા બની શકે. આ વૃક્ષવાટિકાના સ્મરણાર્થે સૌજન્યદાતા પણ લઈ શકાય. વડીલોની પુણ્ય સ્મૃતિમાં કે જન્મ-લગ્ન દિનની ઉજવણીમાં પણ આ ઉદાત કાર્ય રચી શકાય. દરેક જણ આ યોજનામાં સામાજિક જવાબદારીથી જોડાય અને સક્રિય સહયોગ આપે તો આવનારા દિવસોમાં સુંદર પરીણામ જોઈ શકાય. એવી અપીલ અમદાવાદ કચ્છી જૈન સેવા સમાજના માનદમંત્રી શ્રી પ્રતાપ નારાણજી દંડે સમગ્ર કચ્છી સમાજને કરી છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-સોલાપુર

અત્રે સોલાપુરમાં મહાજનના ઉપક્રમે તા.૧૭-૬-૧૨ના અધ્યક્ષ મણિલાલભાઈ વિકમશી કાર્યાધ્યક્ષ વિજયભાઈ મોમાયા માનદમંત્રી તિલોકચંદ લાલકાની ઉપસ્થિતીમાં જ્ઞાતિ પરિવારોનું સ્નેહમિલન યોજાયું પ્રારંભે વિરલ દંડ દ્વારા નવકાર જાપ થયેલ. કાર્યક્રમમાં નવદંપતિઓનું સ્વાગત નવા જન્મેલા બાળો માટે સૌને ખીર વધાઈ, સોલાપુરમાં નવા પધારેલ વિજયભાઈ મોમાયાનું પુષ્પગુચ્છ


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...

TAN MAN® TOURS & TRAVELS

દાદર મુલુંડ પાર્લા

9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

॥ શ્રી ભોમિયાદાદાય નમઃ ॥

તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે
૨૫ વર્ષથી તમારી સાથે...

હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental
MADHUBAN · JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

આપીને સ્વાગત, વર્ષ ૨૦૧૧-૧૨માં ઉત્તીર્ણ થયેલ છાત્રોને વધાઈ આપી પ્રોત્સાહિત કરાયેલ. ઈલાબેન દંડ ત્રણ જ્ઞાન ગમ્મતની રમતો રમાડી સૌને પ્રોત્સાહિત કર્યા. શ્રી રમેશ દંડ, ચેતન, સંકેત વિકમશી એ સ્વાદિષ્ટ ભોજનની વ્યવસ્થા સંભાળેલ. કાર્યક્રમમાં આભારવિધિ અરૂણાબેન લાલકાએ કરેલ. સૌ કાર્યકરોના સહકારે સ્નેહમિલન આનંદે ઉજવાયું.

### શ્રી પદ્મમુક્તિ વાત્સલ્ય નિધિ ટ્રસ્ટ-ચાલીસગામ

ટ્રસ્ટ દ્વારા દર બુધવારે ગરીબોને ભોજન કરાવવા લાભ લેનાર દાતાઓ : હિરાચંદ ઈદામજી નાગડા, મુક્તિશ્રીજી મ.સા.ના સર્વ શિષ્યાઓના સંયમ અનુમોદનાર્થે હ. માતુશ્રી જેવંતીબેન ગુલાબચંદ શાહ (ધુલીયા), હીરેન ગુલાબચંદ ધુલ્લા (ઘાટકોપર), જયંતિલાલ ખીમજી દંડ (મુંબઈ), હેમલ હેમંત અજાણી હ. નિર્મલાબેન રતીલાલ નાગડા (ઘાટકોપર), એક સદ્‌ગૃહસ્થ (મલાડ), મુલજી જીવરાજ લોડાયા હ. ભાગવંતીબેન (કુમઠા), ચંદ્રકાંત છેડા (ઘાટકોપર), નવલબાઈ ધનજી નાગડા (સેલમ), લક્ષ્મીચંદ કાનજી લોડાયા (કારંજા)

### શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ-ગાંધીધામ

મંડળ દ્વારા તા.૨૯-૬-૧૨નાં હોલીડે વિલેજ રીસોર્ટમાં પીકનીક ગોઠવાયેલ જેમાં ૬૦ જણ જોડાયા. તેમાં બાળકો માટે વોટરપાર્કમાં સ્વીમીંગ તથા અલગ અલગ ગેમ્સ દ્વારા રીસોર્ટની બધાએ મજા માણી હતી. રીસોર્ટની વ્યવસ્થામાં શ્રી રાજેશભાઈ મૈશેરીએ જહેમત ઉઠાવેલ. બધા કમીટી મેમ્બરોના સહકારથી પીકનીકનું સફળ આયોજન થયેલ. વોટરપાર્કની મજા માણી અંતે સૌએ ભોજનનો લાભ લઈ છૂટા પડ્યા.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-કલીકટ

સમસ્ત જ્ઞાતિ મહાજનના જનજાગરણ અભિયાનબાદ અત્રે તા.૧૪-૭-૧૨ના મહાજનની સ્થાપના કરવામાં આવી. મહાજનના પ્રમુખ શ્રી કિશોર માણેકજી નાગડા (સાંધાણ), સેક્રેટરી શ્રી હિરાચંદ પદમશી મોતા (નલીયા), ખજાનચી શ્રી ચંદ્રકાંત ખીમજી ખોના (સુથરી), કમીટી સભ્યો શ્રી વિકાસ અનીલકુમાર કુરૂવા (બાયઠ), શ્રી કીરીટ રાયશી દંડ (લાલા)ની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવેલ. મહાજનનું પત્ર વ્યવહાર સંપર્ક :

K.D.O. Jain Gnati Mahajan, C/o. Javerchand Pasveer Khona, 3978 Jain Temple Compound, Trikovil Lane, Calicut - 673001.

### ગુજરાતી મહિલા સેવા મંડળ-બેલ્લારી

જૂન મહિનાની મિટિંગ સૌ. નવલબેન સોમચંદ મુનવરના ઘરે મળેલ. પ્રાર્થનાની પ્રારંભ થયો. મંડળની બહેનોએ રૂ.૬,૭૦૦/- ઉનાળામાં છાશ પીવડાવવા નિમિત્તે ભેગા કર્યા. ગરમીના બે મહિના રાહગીરોને છાશ પીવડાવી તે બદલ મંડળે નવલબેનનો આભાર માનેલ. ચિ. ચિંતન ચેતન મુનવર (B.E.) માં તથા જતિન ચેતન મુનવર (P.U.C. (II)) માં પ્રથમ ક્રમાંકે પાસ થયા તે બદલ મંડળને રૂ.૫૦૨/- ભેટ આપ્યા.

ત્યારબાદ હાઊસી ગેમ અને સિક્કાની ગેમ રમાડવામાં આવી. જેમાં પ્રથમ સૌ. નીતા શરદ મૈશેરી તથા દ્વિતીય સૌ. ચંદન જનક ખોનાને નવલબેને ઇનામ આપ્યા. અંતે સૌ જમીને છૂટા પડ્યા.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ વસતીપત્રક સમિતિ

વસતીપત્રક સમિતિ દ્વારા જ્ઞાતિના ૮મા વસતીપત્રકની કાર્યવાહી ઝડપભેર આગળ વધી રહી છે. ૭માં વ.પ.પછીના થયેલ સ્થળાંતરની માહિતીઓ અદ્યાવત કરાઈ રહી છે. ૮માં વસતીપત્રકના ફોર્મ ટુંક સમયમાં વિતરણ કરાશે. માત્ર માંગ મુજબ જરૂર પુરતી કોપીઓ પેપર સ્વરૂપે બહાર પડાશે એ ઉપરાંત ONLINE અને કમ્પ્યુટર સીડી સ્વરૂપે ઉપલબ્ધ થશે. વસતીપત્રક માટેની જાહેરખબરો વહેલો તે પહેલોના ધોરણે બુકીંગ ચાલુ છે. વધુ માહિતી સંપર્ક : શ્રી વિનોદ ધુલ્લા-૦૯૮૨૦૧૨૨૩૬૬/રમેશ મોતા-૦૯૮૧૯૬૫૫૨૫૯

### શ્રી અરીહંત કો.ઓપ.બેંક લિ.

બેંકને વર્ષ ૨૦૧૧-૧૨ માટે ઓડીટર્સ તરફથી "એ" ગ્રેડ મળેલ છે. ૧૯ વર્ષથી આ ક્રમ જાળવી રખાયો છે. બેંકને ફોરેક્સ વ્યાપાર માટે ADII કેટગરીની પરવાનગી મળેલ છે. આ ઉપરાંત બેંકે પોતાની ગ્રાહકલક્ષી સેવાઓને વિસ્તારીને વધુ સુસજ્જ બનાવી છે.

### મુંબઈ મહાજન આ યોજીત ૯૯મો સમુહ લગ્ન

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈના ઉપક્રમે ૯૯મો સમહ લગ્ન રવિ. તા.૧૬-૧૨-૧૨ના મુંબઈ કાંજુરમાર્ગ અનંતનાથ કોમ્લેક્સના પટ્ટાંગણમાં યોજાશે. ઈચ્છુકો ભાગ લેવા નામ નોંધાવી લાભ લઈ શકશે.

### શ્રી કલ્પેશ નિરંજન મોમાયા

શ્રી કલ્પેશ નિરંજન મોમાયા (વરાડીયા-મસ્જીદબંદર) ક્રિકેટ અમ્પાયરીંગ કોર્સમાં "એ" ગ્રેડ લેવલની સફળતા મેળવી છે. તેઓ સારૂં ક્રિકેટ પણ રમે છે. રમતગમત ક્ષેત્રે આગળ વધતી યુવા પ્રતિભાને હાર્દિક અભિનંદન.

## શ્રી ડોંબિવલી અચલગચ્છની વાર્ષિક સભા

શ્રી અચલગચ્છ જૈન સંઘ-ડોંબિવલીની વાર્ષિક સભા તા.૩-૮-૧૨નાં રાત્રે ૮ વાગે સુવિધિનાથ જિનાલયે અચલગચ્છ કલ્પતરુ ભવનમાં મળશે જેમાં વર્ષ ૨૦૧૧-૧૨ના અન્વેષિત હિસાબો અહેવાલ રજુ થશે અને અન્ય બાબતોના નિર્ણય લેવાશે.

## શ્રી મહાકાળી જૈન મિત્ર મંડળ-ભારતનગર

મંડળ દ્વારા તા.૨૩-૬-૧૨ના "નુતનવાડી" ગાંધીધામ મધ્યે શ્રી મહાકાળી મતાજીની ભાવના રાત્રે ૯ વાગે રાખવામાં આવેલ.

ભાવનાનો લાભ ચિ. યોગેશના શુભ લગ્ન પ્રસંગે સ્વ. નિતિન નરશી મોતા પરિવાર દ્વારા લેવાયેલ. મંડળના શ્રી જયંત લોડાયા, શ્રી ફાલ્ગુન ખોના, શ્રી મનોજ નાગડા તેમજ શ્રી કાંતિલાલ લાલકા, લીતેશ લોડાયા, શ્રી શાંતિલાલ લોડાયા, મુલરાજ મૈશેરીએ સારી એવી રમઝટ જમાવેલ.

## ભલારાદાદા-લાલપુર પુનમ યાત્રા

ભલારાદાદા ભાવિકો દ્વારા લાલપુર સ્થાનકે દાદાના દર્શને જવા પુનમ ઉજવણીનું આયોજન છે. દર પુનમે સારી સંખ્યામાં ભાવિકો પધારે છે અને દાદાની ભાવભક્તિનો લાભ લે છે. મુંબઈથી પુનમના આગળના દિવસે બાંદ્રાથી નીકળીને ત્યાં પહોંચી પુજા-પાઠ-ભાવના કરી બપોરે નીકળતા બીજા દિવસે સવારે બાંદ્રા પહોંચે છે.

આગામી પુનમો ૨ અને ૩૧ ઓગસ્ટ, ૩૦ સપ્ટેમ્બર, ૨૯ ઓક્ટોબર, ૨૮ નવેમ્બરના છે. સંપર્ક : પંકજ ખોના-૯૩૨૩૮૬૬૩૩૪

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ-મુલુન્ડ

મંડળના મહિલા વિભાગ દ્વારા "માતૃત્વ એક વરદાન-સ્તનપાન અમૃત સમાન" સૂત્રને અનુલક્ષીને World Breast Feeding Week નિમિત્તે ગર્ભીણી સ્ત્રીઓ અને નવજાત બાળકની માતાઓ માટે ડો. હેતલ નાગડા (Aurvedic Child Specialist)ના માર્ગદર્શનનો ઉપયોગી કાર્યક્રમ બુધવાર તા.૮-૮-૧૨ના બપોરે ૨.૩૦ વાગે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ (દેવપુંજ), મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૮૦માં ગોઠવેલ છે. સંપર્ક દીપા-9224345000, રેણુકાબેન 9821211002

## ભાંડુપમાં ધર્મ આરાધના

પૂ.સા.શ્રી કલ્પગુણાશ્રીજી મ.સા.ના "જીવનમાં સહિષ્ણુતા કેળવો" એ જાહેર વ્યાખ્યાનમાં ૨૫૦ જણ હાજર રહ્યા. પુજ્યશ્રીએ દૃષ્ટાંત સહ દોઢ કલાક સૌને રસ તરબોળ કર્યા. ચિ. મિધાન ભાવિક મોતા હ. ડો. સુરેખા મોતાએ સ્વામીભક્તિ તથા એકાસણાનો લાભ લીધો. શ્રી સંઘે તેમને બીરદાવ્યા. સુરેખાબેને આ સાથે ગૃહઉદ્યોગની બહેનો, પૂજારી, કામવાળી વગેરેને સોલાપુરી ચાદરની પ્રભાવના કરી. વડોદરાના શ્રી રતીલાલ પનપારીઆએ હાડકાના દર્દ-પીડાગ્રસ્ત ૮૭ જણાંને સેવા આપી દર્દમુક્ત કર્યા. સૌએ તેમની પ્રશંસા કરી.

મહાજનશ્રીના આયોજને પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગર સૂરીજી મ.સા.ને વંદન કરવા જિનવાણી શ્રવણે ૭૫ ભાવીકો જોડાયા હતા. જોગેશ્વરીમાં ૨૨૫ જ્ઞાતિજનોએ શ્રવણ લાભ લીધો. શ્રી સંઘે મહાજન પ્રમુખશ્રી નયનભાઈ ભેદાનું ગૌરવ કર્યું. શ્રી ભેદાએ પૂજ્યશ્રીએ આદરેલા કાર્યોની અનુમોદના કરી અને જ્ઞાતિ દરેક કાર્યમાં સહભાગી થશે.

શ્રી લહેરચંદ મૈશેરીએ સાહેબને કચ્છીમાં મેરછામી દોકડો ગીત ગાઈને અર્પણ કર્યું હતું. પૂજ્યશ્રીએ શુભેચ્છા પ્રદાન કરી. શ્રી સંઘમાં ૩૦ તપસ્વીઓની સંઘભક્તિ કરાય છે.

## શ્રી ક.દ.ઓ. જૈન સર્વોદય મંડળ, મુલુંડ

કચ્છ યુવક સંઘ દ્વારા આયોજીત એંકરવાલા રક્તદાન અભિયાનમાં મંડળ જોડાયું છે. જ્ઞાતિજનોને આ અભિયાનમાં બહોળી સંખ્યામાં હાજર રહી રક્તદાન કરવા વિનંતી છે. રક્તદાન રવિવાર તા.૫-૮-૨૦૧૨ સવારના ૯ થી ૫ સ્થળ : વિજય સોસાયટી હોલ (શીશુ કુંજ), સેવારામ લાલવાની રોડ, મુલુંડ (વેસ્ટ), મુંબઈ-૮૦.

## સાંધવ

સાંધવગામે પર્વ પર્યુષણની આરાધના કરવા શ્રી આ.ભ.શ્રી ગુણોદયસાગરસુરીશ્વરજી મ.સા.ના આજ્ઞાવર્તીની પૂ.સાધ્વીશ્રી ધર્મકીર્તીશ્રીજી મ.સા.ના શિષ્યા પૂ.સાધ્વીશ્રી અમીધારાશ્રીજી મ.સા.જી નલિયાતિર્થથી આરાધના કરવા પધારશે. મુંબઈથી સંઘરૂપે સાંધવ જવા ૧૨૫ જણાંની ટીકીટો આવી ગયેલ છે.

## નલિયા તિર્થ ચાતુર્માસ આરાધના

પૂ.સા. ધર્મકીર્તિશ્રીજી મ.સા.આ.ઠા.-૩ની નિશ્રામાં તપ જપ આરાધના રૂડી રીતે ચાલી રહેલ છે. પંચપરમેષ્ઠીનાં એકાસણા તા.૧૪-૭- થી તા.૧૮-૭ સુધી કરાવવામાં આવ્યા જેમાં પાંચ જણા હતા. પાંચ દિવસના એકાસણા કરાવવાનાં લાભાર્થી ૧) શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન ૨) શ્રી લખમશી વેલજી મોતા ૩) માતુશ્રી લક્ષ્મીબાઈ લાલજી મૈશેરી હ. હરીશ શીવજી લોડાયા (વારાપધર, ભુજ), ૪) સ્વ. મીનાક્ષીબેન રાયચંદ ડાઘા ૫) માતુશ્રી દેવકાબેન શીવજી નાગડા હ. લક્ષ્મીચંદ શીવજી નાગડા (નલીયા-ઘાટકોપર) પરિવાર હતા.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ચેન્નઈ

ચેન્નઈ મહાજનની નવી કારોબારી સમિતિ નીચે મુજબ નીમાઈ છે. પ્રમુખ-શ્રીમતિ જયશ્રી પ્રફુલ મોતા, ઉપપ્રમુખ-શ્રી લેરીન કુમારપાલ અજાણી, સેક્રેટરી-રાજેશ ગંગાજર મોમાયા, સહસેક્રેટરી-સૌ. જાગૃતિ લલીત ઘરમશી, ખજાનચી-ચેતના અતુલ ડાઘા, કારોબારી સભ્યો સર્વશ્રી જયેશ કાનજી ઘરોડ, અમીત જ્યોતિન્દ્ર લાપસીયા, અપ્લેશ ભરત લોડાયા, વિક્રમ યશોધન અજાણી, દેવેશ જયંતિલાલ લોડાયા, કાર્તિક જગદીશ અજાણી. હાર્દિક અભિનંદન.

પત્ર વ્યવહાર માટે સંપર્ક : ૪૦૨ એ, પ્રિન્સગાર્ડન એપા., ૪૦ થંબુ સ્વામી રોડ, કીલપૌક, ચેન્નઈ-૬૦૦૦૧૦. મો. 09884149494

## વર્ધમાનનગરે શ્રી પાર્શ્વનાથ મહાપૂજન યોજાયું

તસ્વીરત્ન, અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ. શ્રી ગુણોદયસાગરસૂરીશ્વજી મ.સા., પૂ. ગણિવર્ય શ્રી વીરભદ્રસાગરજી મ.સા. તથા આદિ મુનિભગવંતોની નિશ્રામાં સામુદાયિક ૧૦૮ પરિવારોના સથવારે ભાવિકોની વિશાળ ઉપસ્થિતિમાં ૧૦૮ પાર્શ્વનાથ પ્રભુજીનાં પૂજન કરવામાં આવેલ. વર્ધમાનનગરે રવિવારની અનોખા અનુષ્ઠાનો અને તપસ્યાઓ સાથે રૂડી ઉજવણી થાય છે. અને દૂર-દૂરથી ભાવિકો આવા કાર્યક્રમોમાં જોડાવા પધારે છે.

## કાવ્ય-પ્રકાશ : શેર-શાયરી-મુક્તક

જીવનકે ઈસ મોડ પર યે દુઆ હૈ હમારી
સદા ખુશીઓસેં ઝોલી ભરી રહે તુમ્હારી
ઉસમેં હો આંસુ ખુશીકે, ઔર થોડી કુછ યાદેં હમારી

આજે ફરી મળવાનું મન થાય છે
પાસે બેસીને વાત કરવાનું મન થાય છે
એટલો લાજવાબ હતો તારો આંસુ લુછવાનો અંદાજ
કે આજે ફરી પાછું રડવાનું મન થાય છે.

આંસુઓકો આંખોકી દહેલીજ પર લાયા ન કરો,
અપને દિલકી હાલત કિસીકો બતાયા ન કરો
લોગ મુઠી ભર નમક લે કર ગુમાં કરતે હૈ
અપને ઝખમ કિસીકો દિખાયા ન કરો

કહ્યું વૃક્ષે કદિ કે હવે છાંયડો નહિ આપું?
કહે વારિ કદિ એવું હવે સંતોષ નહિ આપું?
ભલા કોયલ કદિ ટહુકાર ના બદલે કાંઈ માંગે છે?
છતાં માનવ કહે કંઈ આપો નહિ તો નહિ આપું.

કોણ ભલાને પૂછે છે, અહીં કોણ બુરાને પૂછે છે?
મતલબથી બધાને નિસ્બત છે. અહીં કોણ ખરાંને પૂછે છે?
અતરને નિચોવી કોણ પછી ફૂલોની દશાને પૂછે છે?
સંજોગ ઝુકાવે છે. નહીંતર અહીં કોણ ખરાને પૂછે છે?

*સં. - વનિતા હરીશ નાગડા (વડાલા)*


# SHREE HEALTH CARE

**A new concept in Diabetic, Orthopeadic, Neurological footwear**

**Dr. Jignesh Mepani**
**B.P.T. C.M.P.**

**Diabetic Ortho Footwears Readymade and Cusotmised**
**No of designs Chappal, Sliper, Shoes, sandals**
Available

**♦ Special MC P Material Footwear with Antifungal, Anti Allergic, Anti Skidding, water Resistant properties used for DIABETIC Patients.**
**♦ For Non-traumatic Amputations,**
**♦ Gangrene ♦ Diabetic foot Ulcers, ♦ Burning feet ♦ Hammer Toes,**
**♦ Flatfoot ♦ Heel Pains, Cal. Spur, ♦ Metatarsal Pains ♦ Knee / Back Pains,**
**♦ Swellings ♦ Corns ♦ Cracks, ♦ RCB**
**♦ Foot defomity corrections ♦ Osteomylities ♦ Varicosis, etc.,**

**"We offer Physiotherapy consultation and home visits also"**

322/64, Shantiniketan, Dr. Ambedkar Road, Matunga, Mumbai-400019.
Mob.: 9820993283 • E-mail : jigneshmepani13@gmail.com

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વીરેશ કે. લોડાયા** | #1167, 2nd Cross, વિવેકાનંદ Ext. કલાસ્ત્રીનગર, ટી. દશરહલી, બેંગલોર-૫૬૦૦૫૭ ફોન:9448331929 |
| **ગુણવંતીબેન કે. લોડાયા** | માઉન્ટ ગેઇટી, ૧લે માળે, શાંતિનગર, રોડ નં.૨૭, થાણા (વે) ૪૦૦૬૦૪. ફોનઃ ૨૫૮૩૨૯૪૯ |
| **જયચંદ ખીમજી લોડાયા** | વર્ષા કુંજ, ૪ નારાયણ નગર સોસાયટી, રણછોડ નગર, રાજકોટ-૩૬૦૦૦૩. |
| **જયેશ લક્ષ્મીચંદ શિયાલ** | ૧૦૪-૧૦૫ રામદત્ત કોમ્પ્લેક્ષ, સવાઈ ગંધર્વ સામે, કવિ રાજ માર્ગ, દેશપાંડે નગર, હુબલી-૫૮૦૦૨૯. |
| **ઉત્તમ આર. નાગડા** | એ-૯, જલકમલ સોસાયટી, ન્યુ માનવ મંદિર, જી.આય.ડી.સી. અંકલેશ્વર-૩૯૩૦૦૨. |
| **કમલેશ શામજી લોડાયા** | ૩૦૨, ધનનીલ રિધ્ધિ એપા., અગ્રવાલ હોલ પાસે, માનપાડા, ડોંબિવલી (ઈ)-૪૨૧૨૦૧. |
| **શશિકાંત દેવચંદ વોરા** | એ/૧૨, મહારાજેશ્વરી એપાર્ટમેન્ટ, જગડુશાનગર, ઘાટકોપર (વે), મુંબઈ-૪૦૦૦૮૬. |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮-૪-૧૨ | નાંદેડ | SPCD05 | કાવ્યા દિપેશ તિલકચંદ છેડા | સુજાપર | કન્યા |
| ૨૭-૫-૧૨ | ઇંદોર | JKMA070305 | હેત-જય રમેશ મૈશેરી | જખૌ | કન્યા |
| ૫-૭-૧૨ | થાણા | BYLO | જીયા-ગુંજન કલ્યાણજી લોડાયા | બાયઠ | કન્યા |
| ૬-૭-૧૨ | ડોંબિવલી | SULO | ગૌતમી-જયેશ મહેન્દ્ર પીર | સુથરી | કન્યા |
| ૭-૭-૧૨ | ડોંબિવલી | RVLI010503 | ગીત-ચેતન વસંત લાપસીયા | રવા | કન્યા |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૭-૧૨ | અમરાવતી | SUMT020604 | પૂર્વેશ કૈલાશ ભવાનજી મોતા | સુથરી | ૨૬ |
| | ખંડવા | BYGS020203 | નિતી હિરેન વિશનજી ગોસર | બાયઠ | ૨૫ |
| ૨૦-૭-૧૨ | ઘાટકોપર | KRLO210603 | કુમાર ચંદ્રકાંત કુંવરજી લોડાયા | કોઠારા | ૨૮ |
| | મુલુંડ | NLLD010303 | રિધ્ધિ પિનાકીન જેઠાભાઈ છેડા | નલીયા | ૨૮ |
| ૨૧-૭-૧૨ | કલ્યાણ | SDDD020803 | નિર્મલ હીરજી (બાબુલાલ) લાલજી દંડ | સાંધવ | ૨૫ |
| | ઘાટકોપર | JKMU060705 | જીનલ અરવિંદ લાલજી મુનવર | જખૌ | ૨૦ |

### આંતરજ્ઞાતિય સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૭-૧૨ | મસ્જીદબંદર | PRNG050503 | ભાવિન વિજય ડુંગરશી નાગડા | પરજાઉ | ૨૪ |
| | બાબુલનાથ | A | મૈત્રી સુનીલ ઇન્દ્રવદન શાહ | બીલોદરા | ૨૩ |

### આંતજ્ઞાતિય લગ્ન

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૮-૧-૧૨ | જોગેશ્વરી | A | હીશીત વિવેક વર્ટી | - | ૩૨ |
| | અંધેરી | LLLA020403 | લીના ડુંગરશી લાલકા | લાલા | ૩૨ |

### છૂટાછેડા

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૪-૫-૧૨ | મુલુંડ | RGNG041404 | રાજેશ જીતેન્દ્ર વીરજી નાગડા | રંગપુર | ૩૦ |
| | મુલુંડ | KBLO032404 | ભક્તિ ગીરીશ ખીમજી લોડાયા | મોટીખાવડી | ૨૬ |

### મરણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૭-૧૨ | ડોંબિવલી | DALI050902 | વિજયાબાઈ ડુંગરશી શામજી લાપસિયા | દલતુંગી | ૭૦ |
| ૨૦-૭-૧૨ | ડોંબિવલી | SNMA | ખુશાલ કાનજી કુંવરજી મૈશેરી | મોટીસિંધોડી | ૬૨ |
| ૨૦-૭-૧૨ | ડોંબિવલી | VVGS | રેખાબેન વિજય કુંવરજી ગોસર | વારાપધર | ૩૪ |
| ૨૭-૭-૧૨ | દાદર | SDLO011001 | મુલજી રાઘવજી વેલજી લોડાયા | સાંધવ | ૭૫ |
| ૨૩-૭-૧૨ | ગદગ | KBKN | પુનશી જેતશી ઠાકરસી ખોના (ચક્ષુદાન) | મોટીખાવડી | ૭૮ |

# લોડાયા અને છેડા પરિવારના ઝગમગતા તારલા



## હાર્દિક અભિનંદન !





(નલીયા-અંધેરી, મુંબઈ)

**ચિ. નિરજ મનોજ લોડાયા**

ચિ. નિરજ BE. (Bio-Medical Engg.)
1st Class પાસ કરેલ છે, અને M.S.
કરવા માટે University of Florida, USA માં
ઉચ્ચ અભ્યાસ માટે જાય છે.

**કુ. ડેઝી મનોજ લોડાયા**

કુ. ડેઝી S.S.C. માં ૭૪%
ગુણ મેળવી ઉતીર્ણ થયેલ છે.

આ સિધ્ધી બદલ બન્નેને હાર્દિક અભિનંદન અને ઉત્તરોતર પ્રગતિ કરે તેવી શુભેચ્છા !

*** શુભાશિષ ***

દાદાણાં : માતુશ્રી જયાબેન ઝવેરચંદ નરશી લોડાયા પરિવાર
નાનાણાં : માતુશ્રી ગુણવંતીબેન પ્રતાપસિંહ છેડા પરિવાર (તેરા-માટુંગા)
માતા-પિતા : હિના મનોજ ઝવેરચંદ લોડાયા
ફઈ-ફુવા : હંસા નરેન્દ્ર ગોવિંદજી લાલકા (લાલા-દુબઈ)
માસા-માસી : રમીલા ચંદ્રકાંત મૈશેરી (સાંધાણ-મુલુંડ)
ઉર્વી કીશન કાતકડે (નાસિક-મુલુંડ)

## હાર્દિક અભિનંદન



**ડૉ. હર્ષીની અંકુશ જૈન (દંડ)**

(લાલા - ચીંચપોકલી)

અમારી અ.સૌ. હર્ષીનીએ **B.H.M.S. (Homoeopathy)** નો સંપુર્ણ અભ્યાસક્રમ જળહળતા રંગો સાથે **Distinction** થી પાસ કરી ઉજ્જવળ સફળતા મેળવી છે.

જીવનમાં આમજ આગળ વધતા રહે એજ શુભેચ્છા !!!

**: શુભાશિષ :**

ધનલક્ષ્મી હિરાચંદ રતનશી દંડ
વાસંતી દિલીપ રતનશી દંડ
ઉપાસના કૌશિક હિરાચંદ દંડ
અમીતા અતુલ રમેશચંદ્ર મહેશ્વરી
જયાબેન ગોવિંદજી જેવત ખોના
કિશીતા ધવલ યોગેન્દ્ર પાલાણી

## આણંદ પરિવારનું ગૌરવ



**C.A. ચિ. પુનિલ અતુલ દંડ**

(તેરા-ગાંધીધામ)

CPT Inter CA અને CA Final માં દરેક વખતે બન્ને ગ્રુપ સાથે આપી પ્રથમ પ્રયાસે પાસ થઈ જ્વલંત સિદ્ધિ મેળવી છે એ બદલ ખુબ ખુબ અભિનંદન...

*** શુભ આશિશ ***

માતા-પિતા : શ્રીમતી નીલમ અતુલ દંડ
દાદા-દાદી : શ્રીમતી હીરાવંતી શાંતલિાલ દંડ
નાના-નાની : સ્વ. અ.સૌ. જયાબાઈ તેજપાર (કવિ "તેજ") નાગડા (નલિયા)
ફુઈ-ફુઆ : શ્રીમતી જ્યોતી અનિલ સાંચા (ભુજ)
ભાઈ વિમલના અભિનંદન.

**C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640**
Postal Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

# ભાવભીની શ્રધ્ધાંજલિ



## અ.સૌ. અંજલિ જતીન ધરમશી (બારશી)
## જતીન લાલજી ધરમશી (બારશી)
## અ.સૌ. ભાવિકા ભરત લાપસિયા (નાંદેડ)
## કુ. દિયા તથા કુ. દિશા જતીન ધરમશી (બારશી)

અરિહંતશરણ તા.૩-૭-૨૦૧૨

અશ્રુઓ સુકાઈ ગયા આંખમાં, શબ્દો અટવાઈ ગયા શ્વાસમાં,
મૃત્યુ અચાનક છીનવી ગયું તમને, પરંતુ અમે સદા નમીશું તમારી યાદમાં,
નજર સમક્ષ કાયમ રહ્યા, હવે છબી જાવાની રહી,
ખુદ જ્યોતિ બની ગયા અમારે તો જ્યોત જોવાની રહી.
પરિવારમાં પ્રેમનો પમરાટ પ્રસાવનાર, વ્યવહારના સદ્ગુણોની સુરભિ ફેલાવનાર...
ઈશ્વર આપના આત્માને પરમ શાંતિ આપે એજ પ્રાર્થના...

**આપના વિયોગમાં વ્યાકુળ...**

માતુશ્રી હીરબાઈ દામજી ધરમશી પરિવાર (બારશી)
માતુશ્રી પુરબાઈ ખીમજી રતાણી પરિવાર (મુંબઈ)
શા. મેઘજી વીરજી લોડાયા પરિવાર (હુબલી)
શા. રાયચંદ ગાંગજી લાપસિયા પરિવાર (નાંદેડ)

**વિપુલ ટ્રેડીંગ કું ● સાવલા દાલ મિલ સોલાપુર રોડ, બારશી (મહારાષ્ટ્ર)**

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA**, C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**